# ભારતીય નવલકથામાં બદલાતો સમય, સમાજ અને મૂલ્યો

આપણે પ્રેમ, કરુણા, સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, સત્ય, પ્રમાણિકતા, સદ્ભાવ, સહિષ્ણુતા વગેરેને ચિરંતન માનવીય મૂલ્યો કહીએ છીએ. ઉચિત-અનુચિત, ઈષ્ટ-અનિષ્ટ, સારું-ખરાબ જેવા ખ્યાલોને આધારે આપણે મૂલ્યોની વાત કરીએ છીએ. મૂલ્યોની અનેક વ્યાખ્યાઓ મળે છે જેનો લ. સા. અ. કાઢો તો અર્થ લગભગ સરખો જ થશે. મૂલ્ય સંજ્ઞાને દેખીતી રીતે જીવન તેમ જ જગતનાં મૂળભૂત તત્ત્વો સાથે સંબંધ છે. બદલાતા સમય અને બદલાતા સમાજ સાથે મૂલ્યોના જગતમાં બદલાવ આવે છે. મૂલ્યોને માનવતા સાથે, મનુષ્યની સારપ સાથે સીધો નાતો છે. એટલે જ્યારે જ્યારે મૂલ્યો માનવતાના દાયરાથી દૂર ખસે છે ત્યારે ત્યારે મૂલ્યહ્રાસનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. સાહિત્યકૃતિ હંમેશાં પોતાના સમયમાં પ્રવર્તતા મૂલ્યોનો પ્રભાવ ઝીલે છે. એટલે બદલાતા કાળખંડ સાથે ભારતીય સમાજ કેટલો બદલાયો, મૂલ્યોના જગતમાં કેવુંક પરિવર્તન આવ્યું તેની વાત હું 30-35 ભારતીય નવલકથા લઈને કરીશ. વાતની માંડણી હું 1942માં લખાયેલી તારાશંકર બંદોપાધ્યાયની ‘ગણદેવતા’થી કરીશ. કારણ કે, ભારતીય સમાજમાં મોટા પાયે મૂલ્યપરિવર્તનનો પ્રારંભ આ કૃતિ દર્શાવે છે. ‘જિંદગીનામા’ ભલે 1979માં લખાઈ પણ એ વાત માત્ર 1900 થી 1916 સુધીના કાળખંડની જ કરે છે એટલે કૃતિસમય અને વાર્તાસમય બંને વાત કરતી વખતે મહત્ત્વના બને છે.

મૂળ વાત પર જતા પહેલાં એક સ્પષ્ટતા જરૂરી છે. 15-08-1947 પહેલાં જેને ‘રાષ્ટ્ર’ કહી શકાય એવી કોઈ વિભાવના, એવું કોઈ માળખું જ આપણી પાસે નહોતું. આપણે અનેક રજવાડાઓમાં વહેંચાયેલા હતા. હિંદુ રાજાઓ, મુસ્લિમ નવાબો, સુલતાનો, પેશ્વાઓ, બાદશાહો, નિઝામ, નાના નાના ઠાકોરો, ભાયાતો, જમીનદારો... પ્રજા કેટકેટલા પ્રકારની સત્તા હેઠળ જીવતી હતી ! ભલે ગુલામ બનાવીને પણ અંગ્રેજો પહેલીવાર આખા દેશને એક વ્યવસ્થાતંત્ર હેઠળ લાવે છે. વહીવટી સ્તરે અંગ્રેજોના આવ્યા પછી પ્રજા ચાડિયા, પીંઢારા, બહારવટિયા, ડાકુ, લૂંટારા વગેરેના ત્રાસમાંથી અમુક અંશે છૂટે છે. એટલે લગભગ 1920 સુધી દેશના દરેક પ્રદેશમાં અંગ્રેજો પ્રત્યે ભક્તિભાવ રજૂ કરતો પ્રજાસમૂહ જોવા મળે છે. વળી, સત્તા સ્થાને કોઈપણ હોય તો પણ સમગ્ર ભારતીય સમાજ જ્ઞાતિ, ગોળ, ધર્મ, સંપ્રદાયના વાડાઓમાં વહેંચાયેલો હતો. સમાજના મોટાભાગના હિસ્સા પર ધર્મસત્તાનું નિયંત્રણ હતું. દીકરીઓને નહીં ભણાવવાનો ચાલ લગભગ આખા દેશમાં હતો. દરિયો ઓળંગનારને ન્યાત બહાર મૂકનારી પ્રજા ધીરે ધીરે કૂવામાંના દેડકા જેવી થતી જતી હતી. પાપ-પૂણ્ય, કર્મો અને જન્મોનાં લેખાજોખામાં અટવાયેલી પ્રજા પ્રારબ્ધવાદી થઈ ગઈ હતી. આખા દેશની પ્રજા પટવારી, મુખી, દાણી, પોલીસ, જમીનદાર, તહેસીલદાર,

શાહુકાર વગેરેના હાથે શોષાતી હતી. જ્ઞાતિ, સંપ્રદાય, ધર્મ, સંયુક્ત કુટુંબવ્યવસ્થાના પ્રશ્નો આપણા દેશ સિવાય બીજે નહોતા એટલે આપણા પ્રશ્નો પણ આગવા હોવાના. એક જ ઘરમાં એક સાથે બે-ત્રણ પેઢી રહેતી હોય – જેમાં કાકીઓ, વિધવા ફોઈઓ, વિધવા દીકરીઓ, તમામનાં બાળકો પણ રહેતાં હોય. આવાં વિશાળ કુટુંબ આપણે 'સરસ્વતીચંદ્ર', 'જિંદગીનામા', 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા', 'હિંદુ' જેવી ભારતીય નવલકથાઓમાં જોઈ શકીએ છીએ. અહીં કુટુંબના વડાના નિયમો જ્ઞાતિના વડાના નિયમોથી ઓછા કડક નહોતા. આ કુટુંબવ્યવસ્થામાં બાળકો, માંદાઓ, વૃદ્ધો સચવાઈ જતાં એ વાત સાચી પણ સ્ત્રીઓનું આમાં પારાવાર શોષણ થતું. સંયુક્ત કુટુંબવ્યવસ્થા તૂટવાની સાથે સ્ત્રીઓના પ્રશ્નોના પ્રકારો બદલાયા. આપણે એવું કહી શકીએ કે આઝાદી પહેલાં ભારતીય સમાજમાં શિક્ષણ, સાહિત્ય, ધર્મ, જ્ઞાતિ, જાહેરજીવન જેવાં જીવનનાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં પહેલાં અંગ્રેજ સરકાર અને આપણા સમાજસુધારકોને કારણે પરિવર્તન આવે છે અને પછીનું મહત્ત્વનું પરિવર્તન ગાંધીજીને કારણે આવે છે. જેમાં સ્ત્રી સશક્તિકરણ, અસ્પૃશ્યતા નિવારણ, શ્રમ, ગૃહઉદ્યોગો, સ્વચ્છતા, ભાષાની સરળતા વગેરે બાબતે ગાંધી જાગતાઓને જગાડે છે. ગાંધીને કારણે ઘરના ઉંબરાની અંદર રહેવા ટેવાયેલી સ્ત્રીએ ઘરનો ઉંબરો ઓળંગી અનેક ક્ષેત્રોમાં ડગ માંડ્યાં. સમાનતા, સદ્‌ભાવ, સહિષ્ણુતા, સ્વાશ્રય, અહિંસા, પ્રમાણિકતા, સાધનશુદ્ધિ જેવાં જીવનમૂલ્યો પર ભાર મૂકતા ગાંધીને દેશ જોકે, આઝાદી મળતાની સાથે જ બાજૂ પર મૂકી ચૂક્યો હતો. ગાંધીપ્રેરિત મૂલ્યોની પણ એ જ દશા થઈ. એટલે આઝાદી પછી સ્વરાજ્ય, સુરાજ્ય અને રામરાજ્યની આશા રાખીને બેઠેલી પ્રજાના ભાગે નરી નિર્ભ્રાન્તિ આવે છે. તમામ ક્ષેત્રે સ્તબ્ધ થઈ જવાય એવો મૂલ્યહ્રાસ જોતા ભારતીય સર્જકોએ પૂરા તાટસ્થ્યથી સમાજના બદલાવ અને સમાંતરે થતી મૂલ્યોની ઉલટફેરને એમની કૃતિઓમાં આલેખ્યાં છે. આમ તો સાહિત્યનાં લગભગ તમામ સ્વરૂપમાં મૂલ્યોની ઉલટફેરની વાત થઈ છે પણ હું અહીં ભારતીય નવલકથાઓમાં દેખાતી મૂલ્યોની ઉલટફેરની વાત કરીશ. આપણે એક વાત યાદ રાખવાની છે કે આઝાદી મળ્યા પછી 'ગોરા હાકેમો સારા હતા' એવું પ્રજાનો મોટો વર્ગ કહેતો થયો તેનું કારણ અતિશય ઝડપે સર્વક્ષેત્રે થયેલ મૂલ્યહ્રાસ.

જમીનદારી જવી, આઝાદી આવવી, દેશના ભાગલા થવા જેવી ઘટનાઓએ દેશના વાતાવરણને, પ્રજામાનસને, મૂલ્યોના જગતને બહુ ઝડપથી બદલ્યું. આપણા દેશમાં પંજાબ, સિંધ, બંગાળ, બિહાર વગેરે પ્રદેશમાં જમીનદારો હિંદુ હતા અને મુસલમાન તથા દલિત ખેતમજૂરો હતા. દા.ત. કૃષ્ણા સોબતીની 'જિંદગીનામા', તારાશંકર બંદોપાધ્યાયની 'ગણદેવતા', ફણીશ્વરનાથ રેણુની 'મૈલા આંચલ' વગેરે નવલકથાઓ. પરંતુ યુપીમાં જમીનદારો મુસ્લિમ હતા અને શોષાતી પ્રજા હિંદુ હતી. દા.ત. રાહી માસૂમ રઝાની 'આધા ગાંવ' કે અબ્દુલ્લા હુસૈનની 'ઉદાસ નસ્લેં'. આ

તમામ નવલકથાઓમાં ગામની જમીનો વાવનારા, પાક લણનારા, આંબાવાડિયા વેડનારા પોતે જમીનના માલિક નહોતા. એમની જમીનો ગામના શાહુકારો (શાહજી, તહેસીલદાર, જમીનદાર, મિયાંઓ)ના લાલ ચોપડે ચડી ગયેલી હતી. પરસેવો પાડનારી આ પ્રજાના કપાળે કાળી મજૂરી સિવાય કંઈ નથી. નવાઈ એ છે કે જમીનદાર હિંદુ હોય કે મુસલમાન, એમણે કાયમ અંગ્રેજ હકુમતને જ સાથ આપ્યો. પ્રજાની સાથે તેઓ કદી ઊભા નહોતા રહ્યા. 'ખેડે તેની જમીન'નો કાયદો આવ્યો ત્યારે પ્રજાને ભરોસો નો'તો બેસતો એ 'મૈલા આંચલ' અને 'આધા ગાંવ' બંનેમાં નિરૂપાયું છે. યુપી સિવાયના પ્રદેશોમાં પ્રજાના હાથમાં આવેલી જમીનો તરત પાણીના મૂલ્યે વેચાઈ ગઈ જેના ખરીદનારા એના એ જ જમીનદારો હતા. યુપીમાં એ શક્ય ન બન્યું કારણ કે પાકિસ્તાન બનવાને કારણે યુવાન લોહી અહીંથી ઉચાળા ભરી ગયું અને પાછળ રહી ગયેલા વૃદ્ધોના ભાગે દયનીય જિંદગી જીવવાની આવી.

'ગણદેવતા', 'મૈલા આંચલ', 'ઉદાસ નસ્લેં', 'આધા ગાંવ', 'રાગ દરબારી', 'ઉપરવાસ કથાત્રયી' વગેરે નવલકથાઓ દેશના સમાજકારણમાં આવતા આમૂલ પલટાઓને આલેખે છે. આ બદલાવના મૂળમાં બદલાતું રાજકારણ અને અર્થકારણ છે. સદીઓથી આપણે ત્યાં કોઈપણ કામ કે મજૂરીના બદલામાં અનાજ અપાતું. આ વિનિમય પ્રથા સામે કોઈને વાંધો પણ નહોતો. પણ યંત્રસંસ્કૃતિએ, ઔદ્યોગિકીકરણે ગામડાંની અર્થવ્યવસ્થાને સાવ તોડી નાખી. ખેતી હળ-બળદને બદલે ટ્રેક્ટરથી થતી થઈ પછી લુહાર-સુથારને શું કામ મળે? આ જ હાલત ગામના મોચી-દરજીની થઈ. જે ચીજો શહેરમાં તૈયાર મળતી થઈ એ પ્રમાણમાં ઘણી સસ્તી અને ટકાઉ હતી કારણ કે, યંત્રો વડે તૈયાર થતી હતી. કાચનાં રમકડાં આવ્યાં એ સાથે ગામના કુંભારને ભિખારી થવાનો વારો આવ્યો. (ગણદેવતા-373) ધીમે ધીમે પરદેશી કપડાંની સામે હાથશાળનાં કાપડની પણ એ જ દશા થઈ. 'ગણદેવતા'ના કેન્દ્રમાં જે શિવકાલીપુર ગામ છે તે ભારતના કોઈપણ ગામનું પ્રતિનિધિ છે. નવલકથાના આરંભે જ લુહાર અનિરુદ્ધ અને સુથાર ગિરીશ કૃષિપ્રધાન ગામની સદીઓની ચાલી આવતી પરંપરાના પાયામાં ઘા કરે છે. 'ધાનના બદલામાં અમે કામ નહીં કરીએ' એવી નાફરમાની પહેલીવાર થઈ છે. બંને નદી પાર આવેલાં શહેરમાં દુકાન માંડે છે. ગામડાંનો કારીગરવર્ગ પરંપરાગત માળખાંને ફગાવી નવી જીવનરીતિ તરફ વળવા, ગામ છોડવા લાચાર બન્યો. એના પરિણામે આખી કુટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા પણ બદલાઈ ગઈ. અનિરુદ્ધ અને ગિરીશ બંને 'અમે મહાજનનું નથી માનતા' એવું કહે એ વર્ષોથી ચાલી આવતી પ્રણાલી પર મોટો ઘા હતો. પછી તો ગામના વાળંદ તારકે, સુયાણીએ અને દાક્તરે પણ 'રોકડા પૈસા વગર કામ નહીં કરીએ' એવું કહી દીધું. કારીગર વર્ગના આ નકારે આખું ગામ ખળભળી ઉઠ્યું. યુગ બદલાઈ રહ્યો છે પણ જમીનદારોની સામંતશાહી માનસિકતા એવી ને એવી જ છે. શોષકને શોષિત

સમાજ અવાજ ઉઠાવે એ કદી ન ગમે એટલે રાતોરાત અનિરુદ્ધના ખેતરનું ધાન વાઢી લેવાયું. મોચી જોડાં સીવવાના પૈસા માંગે તો જમીનદાર છિરુપાલ એને રાંઢવે રાંઢવે ફટકારે છે. પાતુ મોચીનો ન્યાય તોળવા બેઠેલા ચૌધરી પાતુને કહે છે : 'ઢોરના મસાણનો જે ઈજારો તમને આપ્યો છે એના બદલામાં તમારે ગામને પગરખાં પૂરાં પાડવાની શરત છે.' (36) જવાબમાં પાતુ કહે છે : 'હવે તો અલિપોરના રહેમાન શેખે કંકણાના રમન્દ ચાટુજ્જે સાથે મળીને મસાણનો ઈજારો લીધો છે એનું શું?' (36) ગામના ચૌધરી મૂલ્યોની આ ઉલટફેરથી સ્તબ્ધ થઈ જાય છે. એ બબડે છે : 'બધું કરતાં બધું ગયું. મસાણના ચામડાનો ધંધો કરીને રમેન્દ ચાટુજ્જે-બ્રાહ્મણનો દીકરો મોટો માણસ બનશે !' (38) ન્યાય તોળતી વખતે ચૌધરી પાતુને કહે છે : 'જો એવું હોય તો ગામના લોકો પૈસા આપવા બંધાયેલા છે.' જાતિ પ્રમાણે સૌ કામ કરે અને બદલામાં પૂરતું વળતર મેળવે એ વ્યવસ્થા તૂટી એટલે મૂલ્યો તળેઉપર થઈ ગયાં. ગુસ્સે થયેલા છિરુપાલે પાતુ વગેરેના ઝૂંપડાંને આગ લગાડી. આખો વાસ બળી ગયો એનો છિરુપાલને જરાય અફસોસ નથી. એ તો વિચારે છે : 'અવારનવાર આવું થતું રહે તો આ હલકું વરણ કાબૂમાં રહે. આ બેટાઓની હિંમત દિવસે દિવસે વધતી જાય છે. હાથના મારે કંઈ નહીં વળે. રોટલાના મારે ભાન આવશે.' (40) આ પ્રસંગે હજી આઝાદી નહોતી આવી પણ આઝાદી આવ્યા પછીના 30 વર્ષે પણ પરિસ્થિતિમાં કશો ફરક પડ્યો નથી. 1979માં લખાયેલી મન્નૂ ભંડારીની 'મહાભોજ'માં વાસમાં આગ કોણે લગાડી છે તે આખું ગામ જાણતું હોવા છતાં જોરાવરનું નામ લેવાની કોઈની હિંમત નથી. રાજકારણ આઝાદી પછી કેટલી હદે ગુંડાઓના શરણે જતું રહ્યું તેની વાત 'મહાભોજ' ઉપરાંત રઘુવીર ચૌધરીની નવલકથાઓ પણ કરે છે.

બંગાળમાં ચંડીમંડપ ગામના પંચ કે ચૌધરી માટે ન્યાય તોળવાની જગ્યા છે. ગામની સહિયારી સંપત્તિ ગણાતા ચંડીમંડપ પર છિરુપાલ જ્યારે પૈસાના જોરે કબજો જમાવે ત્યારે ગામની સદીઓથી ચાલી આવતી પરંપરા તૂટે છે. કારીગર વર્ગ કામ કરવાની ના કહે એ બદલાતા સમયનું પ્રતીક છે. અનિરુદ્ધ અને ગિરીશ પંચનું ન માને, શોષણને તાબે ન થાય એ બદલાતા જમાનાનું, અસ્ત થતાં જતાં મૂલ્યોનું પ્રતીક છે. વૃદ્ધ દ્વારિકા ચૌધરીનું પંચાયતમાંથી ઉઠીને જતા રહેવું એ ખતમ થતી જતી જમીનદારી વ્યવસ્થાનું પ્રતીક છે. ગામની નજીક બનેલા રેલ્વે જંક્શન પાસેની દુકાનો આવનારી ઔદ્યોગિક અને નગર સંસ્કૃતિની ઝાંખી છે. ધીરે ધીરે બદલાતાં મૂલ્યો સાથે આખું ગામ પણ બદલાતું જવાનું. ચંડી મંડપ જે મૂલ્યોનું પ્રતીક હતો એ મૂલ્યો જ ખતમ થવાને આરે છે. ફરીથી એ મૂલ્યોનું સ્થાપન શક્ય નથી. સંસ્કારો, મૂલ્યોનું જગત બદલાઈ રહ્યું છે એવી વિશ્વનાથની વાત દેવુ ભલે ન સ્વીકારે પણ આ હકીકત છે. અહીં પરંપરાથી ચાલી આવતી સામાજિક વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાનું વિઘટન જોઈ શકાય છે. ઔદ્યોગિક ક્રાન્તિના પરિણામે

નવી મૂલ્યવ્યવસ્થા સ્થપાઈ રહી છે એટલે મૂળભૂત જીવનમૂલ્યોની ઊલટફેર થવાની જ. ગામ અને શહેર બંને બદલાઈ રહ્યાં છે. બંને યુગપરિવર્તનોથી પ્રભાવિત છે. નવા યુગને આવકારવા જૂનો યુગ પોતાનાં જૂનાં મૂલ્યો સાથે ધીરે ધીરે પશ્ચાદ્‌ભૂમાં ખસી રહ્યો છે. (116) જનોઈ કાઢીને ફેંકી દેતો વિશ્વનાથ આખી બ્રાહ્મણ પરંપરાના વિરોધનું પ્રતીક બની જાય છે. ‘મારું કાર્યક્ષેત્ર આખો દેશ છે’ એવું કહી એ પોતાની જાતને ગામની સંકીર્ણતાથી પરે કરી દે છે. આ કથા દેવુ પંડિત, ચૌધરી, ડૉક્ટર જગન જેવા સારા માણસની છિરુપાલ જેવા નઠારા માણસ સાથેના સંઘર્ષની નથી. આ પરંપરા તૂટવાની, મૂલ્યહ્રાસની, નવતર મૂલ્યોના પગપેસારાની વાત છે.

જમીનદારીનું જવું એ સમયની માંગ હતી. પણ જમીનદારી જવાનો કાયદો આઝાદી આવવાની થોડોક જ પહેલાં આવ્યો. જમીનદારી જવાના આ કાયદાથી આર્થિક-સામાજિક માળખામાં આમૂલ પરિવર્તન આવ્યું. જેણે વર્ષોથી ચાલ્યાં આવતાં સામાજિક મૂલ્યોને તળેઉપર કરી દીધાં. રાહી માસૂમ રઝાએ ‘આધા ગાંવ’માં આ વાતને કલાત્મક રીતે આલેખી છે. જમીનદારીનું ખતમ થવું એ યુપીમાં ભારત વિભાજનનું મોટું કારણ બન્યું. ધાર્મિક ઝનૂન જે નહોતું કરી શક્યું એ કામ આર્થિક પરિબળે કરી દેખાડ્યું. નફરતની ફસલ વાવનારાઓ તો ઠેકીને જતા રહ્યા ને અહીં રહેનારાના ભાગે એને લણવાનું આવ્યું. પાકિસ્તાને હિંદુ-મુસલમાનને અલગ કર્યા હતા એવું થોડું હતું? કુટુંબ આખું અહીં હોય અને ઘરનો મોભી પાકિસ્તાન. ઘરડા માબાપ તમામ મૂલ્યો સાથે સમાધાન કરી રહ્યાં હતાં કારણ કે યુવાન દીકરીઓ છાતી પર ઘરડી થઈ રહી હતી. આ પરિસ્થિતિ ‘આધા ગાંવ’ અને ‘સુખા બરગદ’ બંને નવલકથામાં આલેખાઈ છે. ‘આધા ગાંવ’ના ઉત્તરાર્ધમાં ખતમ થતાં, વિખેરાતાં કુટુંબો, બદલાતાં સમાજજીવન અને તળેઉપર થઈ ગયેલાં મૂલ્યોની કથા છે. એક બાજુ બાપ-દાદાનું વતન, જમીન ન છોડવાની જીદ છે તો બીજી બાજુ અનેક કારણોસર પગ નીચેથી સરકતી જતી જમીનનો અનુભવ છે. નવી આર્થિક વ્યવસ્થાઓ સદીઓનાં મૂલ્યો બદલી નાખ્યાં. કેટકેટલું ખોવાઈ ગયું? સહિયારી સંસ્કૃતિ ગઈ, ભાષા ગઈ, સંબંધો અને રખરખાવટ ગયાં, કહો કે પોતીકી ઓળખ જ ખોવાઈ ગઈ. માત્ર સામંતશાહી લોકશાહીમાં બદલાઈ રહી હતી એવું નો’તું. એ સિવાયનું કેટલું બધું બદલાઈ રહ્યું હતું? સદીઓની સાંસ્કૃતિક પરંપરા કડડભૂસ થઈ ગઈ. ગામડાં તૂટતાં લોકો શહેર બાજુ ઉચાળા ભરી રહ્યા હતા. બદલાતો કાલખંડ કેટલાય શબ્દોને લુપ્ત કરી રહ્યો હતો અને એની જગ્યાએ ચૂંટણી, ભૂમિ સંપાદન, ભ્રષ્ટાચાર. જમીનદારી બૉન્ડ, પંચાયત, પાર્ટી, એમ. એલ. એ. જેવા નવા શબ્દો આકાર લઈ રહ્યા હતા. જૂનાં મૂલ્યોના ખંડેરો પર નવી મેડીઓ ચણાઈ રહી હતી. ગઈકાલના જમીનદાર કુસ્સૂ મિયાં જૂતાની દુકાન કાઢવા લાચાર બની ચામડાં ચૂંથવાનું કામ કરે અને ગઈકાલનો ચમાર પરુસરામ ગાંધીટોપી પહેરીને નેતા થઈ જાય. આખેઆખી રેલગાડી ખરીદવાનાં સપનાં જોનારા મિયાં

પરુસરામની ડેલીએ કરજો લેવા જાય. આભિજાત્યના ખ્યાલો બદલાઈ રહ્યા છે. સૈયદજાતિનું વંશાભિમાન, ઊંચા કૂળનું ગુમાન જમીનદારી જવા સાથે ખતમ થઈ ગયું. કોઈપણ પ્રકારનું કામ કરવા તૈયાર થતા મિયાંઓ કોઈપણ ઘરમાં દીકરી પરણાવવા તૈયાર થઈ જાય ત્યારે સામાજિક મૂલ્યો તળેઉપર થતાં જોઈ શકાય છે. પરુસરામ હકીમસાહેબ પર કર્જા માટે દાવો દાખલ કરે ત્યારે જમાનો બિલકુલ બદલાઈ જાય છે. સઈદા બી.ટી. કરી નોકરી કરે એ નવા યુગનું એંધાણ છે. કમ્મો હોમિયોપેથીનો ડાક્ટર થઈ હકીમસાહેબનો ઈલાજ કરવા જાય ત્યારે સમય જાણે બદલાયેલ યુગ પર મહોર મારે છે. ઇતિહાસ માત્ર રાજકીય ઘટનાક્રમ નથી હોતો. એનો પ્રભાવ ઇતિહાસ જીવનારાઓને વેઠવાનો થાય છે એ વાત આપણને ‘આધા ગાંવ’ સમજાવે છે.

ભારતીય રાજનીતિમાં પ્રવેશેલ મૂલ્યોના શતમુખ વિનિપાતની વાત ભારતીય નવલકથાઓએ ઘણી વહેલી શરૂ કરી હતી. ફણીશ્વરનાથ રેણુએ 1954માં ‘મૈલા આંચલ’માં ભારતીય રાજનીતિમાં શ્રેષ્ઠ મૂલ્યોના મૃત્યુની વાત કરી હતી. ભારતીય રાજનીતિમાં પ્રવેશેલ ભ્રષ્ટાચાર, ધીટતાની વાત પણ એમાં થઈ છે. ‘રાગ દરબારી’ (1968)માં શ્રીલાલ શુક્લ મૂલ્યોનાં સર્વક્ષેત્રીય શતમુખ વિનિપાતની વાત કરે છે. મન્નૂ ભંડારીની ‘મહાભોજ’ (1979) રાજકારણમાં પ્રવેશેલા મૂલ્યહ્રાસ, ગુંડાગર્દી અને શોષણની વાત કરે છે. આઠમા દાયકામાં એક રાજકીય પક્ષ પાસેથી સત્તા બીજા બીજા રાજકીય પક્ષ પાસે ચોક્કસ ગઈ પણ રાજકીય, નૈતિક મૂલ્યોની પડતીમાં આ સત્તાપલટાથી કશો ફરક નહોતો પડ્યો તેની વાત ‘મહાભોજ’ કરે છે. ગુજરાત નિમિત્તે આખા દેશમાં વિવિધ ક્ષેત્રે મૂલ્યોના વિનિપાતની વાત રઘુવીર ચૌધરી ‘ઉપરવાસ કથાત્રયી’ ઉપરાંત અન્ય નવલકથાઓમાં કરે છે.

આઝાદી આવવાની સાથે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા અસંખ્ય રાજકીય પક્ષોનો ઉદ્દેશ માત્ર સત્તાપ્રાપ્તિ હતો. કોંગ્રેસ માની ન શકાય એટલી ઝડપે આ બધા પક્ષો સામે હાંસિયામાં ધકેલાઈ રહી હતી એ વાત ‘મૈલા આંચલ’ બખૂબી કરે છે. ‘ખેડે તેની જમીન’ના કાયદાએ નાના ખેડૂતોને લાભ કરાવવાને બદલે ક્યાંયના ના રહેવા દીધા. એમની જમીનો પાણીના મૂલ્યે વેચાઈ રહી હતી. જમીન ગુમાવનારા જમીનદારો જ એ જમીનો ખરીદી રહ્યા હતા. પ્રજા બાપડી કહે છે : ‘આપણે ત્યાં કાયદો બને એ પહેલાં જ કાયદાને નકામો કરી દેવાના રસ્તા શોધાઈ જાય છે.’ (મૈલા આંચલ-198) તમામ રાજકીય પક્ષોના ખોખલાપણાની વાત કરતા રેણુ એક વાત તરફ આંગળી ચીંધે છે. કોંગ્રેસમાં જોડાવાથી લાભ થતો હતો એટલે બધા કોંગ્રેસમાં જોડાઈ રહ્યા હતા. આ જ વાત રઘુવીર ચૌધરી ‘કથાત્રયી’માં કરે છે. ‘એક ડગ આગળ, બે ડગ પાછળ’ (2009) સુધીમાં તમામ ક્ષેત્રે જે મૂલ્યહ્રાસ દેખાય છે એ બાબતે જાણે કે સાંત્વના આપતા હોય એમ રઘુવીર ચૌધરી

કહે છે : આપણે આટલી હદે અચાનક નથી બગડ્યા… આ બધું ધીરે ધીરે સડતું ગયું છે. સેવાદળના પાયાના કાર્યકરોની અવગણના કોંગ્રેસમાં કેટલી વહેલી શરૂ થઈ ગયેલી? ‘મૈલા આંચલ’ પણ આ બાબતે ટેકો આપશે. બાવનદાસ જેવા સાચુકલા કોંગ્રેસી કે કાલીચરણ જેવા સાચુકલા કૉમરેડની એમના પક્ષોને આઝાદી પછી જરૂર નથી. રઘુવીર ચૌધરીની નવલકથામાં કહેવાયું છે કે ’68, ’70ની આસપાસ લગભગ દરેક રાજકીય પક્ષ ગુંડાઓના શરણે પહોંચી ગયો હતો. આખા દેશમાંથી કોંગ્રેસનો જાદુ ઊતરવા લાગ્યો હતો એ વાત લગભગ બધી નવલકથા કરે છે. લોકો પાસે કોંગ્રેસનો વિકલ્પ નહોતો અને કોંગ્રેસમાં જોડાવાથી લાભ થતા હતા એટલે કમને પણ કોંગ્રેસને મત આપતા હતા. ’68-’69માં કોંગ્રેસી હોવા છતાં ‘કથાત્રયી’નો રમણલાલ બોલી ઊઠે છે : ‘હવે તો વિરોધપક્ષ જીતે તો મોવડીમંડળ જાગે…’ બિલકુલ આપણી આજની હાલત વર્ણવાતી હોય એવું નહીં લાગે? જાણે કે 50 વર્ષમાં ઇતિહાસ 180 ડિગ્રીએ ફરીને બીજા છેડે બેઠો !

દેશ આઝાદ થતાની સાથે રાજનીતિનો વિકૃત ચહેરો વધારે ભયાવહ, વધારે વરવો થઈ ગયો. કોંગ્રેસનું ચરિત્ર વધુ ને વધુ જનવિરોધી અને સામંતશાહી-મૂડીવાદી થઈ રહ્યું હતું. લગભગ તમામ પક્ષો પોતાના ઘોષિત ઉદ્દેશોને ભૂલીને રાજનીતિના આટાપાટા ખેલવામાં વ્યસ્ત હતા. રાજાશાહી ગઈ પણ સામંતશાહી ન ગઈ. રાજકીય નેતાઓ-પક્ષો રાજાઓ કરતાં પણ વધારે ઠાઠથી જીવવા માંડ્યા. ‘મૈલા આંચલ’ સ્પષ્ટ કહે છે કે આ દેશને માત્ર સામ્રાજ્યવાદી સત્તાથી મુક્ત કરાવવો પૂરતો નથી. એને સામંતશાહી માનસિકતા અને મૂડીવાદી વિચારસરણીથી પણ મુક્ત કરાવવો જરૂરી હતો. પણ એ તો થઈ ન શક્યું. પરિણામે શોષણ કરનારાઓના ચહેરા બદલાયા પણ જેમનું શોષણ થતું હતું એ ચહેરા તો એના એજ રહ્યા. ‘મૈલા આંચલ’માં સાચની લડાઈ લડતા સાંથાલોને જેલ થાય પણ એમનું શોષણ કરનારા જમીનદારોને કંઈ ન થાય. સામાન્ય માણસને સાથ આપવાને બદલે પૈસાદારોને સાથ આપનાર પોલીસતંત્ર, ન્યાયતંત્ર, સ્વતંત્રતા પછી પણ એવાં ને એવાં જ રહ્યા એ વાત ‘ગણદેવતા’ની બાજુમાં ‘મૈલા આંચલ’, ‘રાગ દરબારી’, ‘મહાભોજ’ ને મૂકવાથી સ્પષ્ટ થાય. જમીનદારોનો માર ખાવો (મૈલા આંચલ, આધા ગાંવ), સવર્ણો કે બ્રાહ્મણોનો તિરસ્કાર વેઠવાથી પ્રજા હદ બહારની ટેવાઈ ગઈ હતી એ ‘ગણદેવતા’ (42)ની બાજુમાં 1979ની ‘મહાભોજ’ મૂકો એટલે સ્પષ્ટ થઈ જશે. જમીનદારો ન રહ્યા તો પછી નેતાઓએ પાળેલા ગુંડાઓથી પ્રજા થરથર કાંપતી થઈ એ આપણે ‘રાગ દરબારી’ (68) અને ‘મહાભોજ’ (1979) માં જોઈ શકીએ છીએ. આ પ્રજાને કાલીચરણ કે બિસેશર જેવા જગાડે ત્યારે એ સમજે છે ખરી પણ મનમાં પેસી ગયેલો ડર એને સામા થવાની હિંમત સુધી પહોંચવા જ નથી દેતો. આમ તો મતની રાજનીતિને કારણે ‘ગણદેવતા’ની જેમ ‘મૈલા આંચલ’માં સીધો જુલમ નથી કરી શકાતો. પણ ‘રાગ દરબારી’ અને ‘મહાભોજ’ આવતા સુધીમાં નેતાઓ ગુંડાઓની મદદથી હવે મતની

રાજનીતિથી પણ નથી ડરતા. 'મહાભોજ'માં મતની ચિંતા કરતા દા સાહેબને જોરાવર કહે છે : 'तूम क्या सोचते हो, हमारे रहते बूथ पर पहुँच पाएँगे, वो लोग? जोरावर के राज में वे ही वोट दे पाएँगे जिन्हें जोरावर चाहेगा ।' (મહાભોજ-157)

મૂલ્યોનું જગત કેટલું જલ્દી બદલાયું? પ્રજાકીય સ્તરે આપણે કેટલા જલ્દી બગડ્યા? 1953માં લોકો કહેતા થઈ ગયેલા કે 'મંત્રીની સભામાં જવા માટે ગાડીમાં ટિકિટ થોડી જ લાગે? (મૈલા આંચલ-95) લોકો વાતો કરે છે : 'सरकारी नौकरी वाले की जब बदली होती है तो वह सभी चीजें बेच देता है । नई जगह में जाकर नई चीजें मिलती हैं ।' (288) આ વાત આજે તો સવાઈ સાચી લાગે છે. આપણે પ્રમાણિકતા, નિષ્ઠા, સચ્ચાઈ જેવાં મૂળભૂત મૂલ્યોને એટલી ઝડપે છોડી દીધાં કે પ્રજા તરીકે કદી એમાં માનતા હતા ખરા એવો પ્રશ્ન થાય. મૂલ્યોનું જગત કેટલી જલ્દી બદલાયું? 1968માં લખાયેલી 'રાગ દરબારી'માં પહેલેથી હોય એવા કૂવાનો જિર્ણોદ્ધાર કરી 'કૂપ નિર્માણ' યોજનાની ગ્રાંટ લેવાય છે. દીનાનાથ તહેસીલદારને શિવપાલગંજમાં ચાર મહિના સુધી કોઈ રાતી પાઈ નથી પરખાવતું તો એ કંટાળીને બરાડે છે : 'क्या लोग इस धोखे में पड गए कि मैं पैसा नहीं छूता? अगर एसा है तो आप लोग तहसील के आखिरी छोर तक एलान करा दे कि मैं घूस लेता हूँ ।' (124) બદલાયેલા કાળખંડમાં લાંચને નૈતિકતા કે પ્રમાણિકતા સાથે કોઈ સંબંધ નથી રહ્યો. એ વ્યવહારનું એક અંગ બની ગઈ છે. લેનાર કે દેનાર બેમાંથી કોઈને એની સામે વાંધો કે ફરિયાદ નથી. ઉલટાના લોકો દયા ખાય છે કે બિચારાને ત્રણ દીકરીઓ છે, લાંચ ન લે તો પરણાવે કેવી રીતે? રઘુવીર ચૌધરીની 'પંચપુરાણ'ના શંકર મુખી તો પોતાની અક્કલ પ્રમાણે કહી પણ બેસે છે કે : 'લાંચ વગર આપણો વહીવટ ચાલતો જ નથી તો પછી નાનાં-મોટાં કામ માટે લાંચની રકમ નક્કી કરતા સરકારને શો વાંધો આવે છે?' (પંચપુરાણ-168) સમય વીતતા આપણે કેટલા નીચે ઊતરી ગયા કે 2009માં લખાયેલી 'એક ડગ આગળ, બે ડગ પાછળ'નો ડાંડ ધનો કહે છે : 'લોકશાહીની વાતો જૂની થઈ ગઈ. આજે તો આપલેનો વહીવટ ચાલે છે. શું નેતા કે શું પ્રજા બધાને સ્વાર્થના સોદા ગમે છે. મત લાલચ આપીને ખરીદાય છે અને યોજનાઓ દલાલીથી અપાય છે.' (77)

આપણા દેશમાં જનમત બદલવો-ખરીદવો કેટલો સહેલો છે એ 'મૈલા આંચલ'માં દર્શાવાયું છે. સેવાદાસ પૂરી, જલેબી અને દહીં-ખાંડનો ભંડારો કરે એ સાથે સમગ્ર જનમત બદલાઈને એના પક્ષે આવી જાય છે. એનું કારણ એ હતું કે આ ગામમાં એવા કેટલાય વાસ હતા જેમણે જિંદગીમાં કદી પૂરી જલેબી ચાખી જ નહોતી. 'રાગ દરબારી'માં વૈદ્યજી તમંચાના જોરે મત આપવા આવનારાને રોકે છે. 'ઉપરવાસ'માં આદર્શવાદી લવજી ચૂંટણીમાં પૈસા વેરવાની વાતનો વિરોધ

કરે છે પણ ભણતર અને સમજ બેઉ વધ્યા પછી અમેરિકાથી લવજી દેવુને લખે છે : 'ચૂંટણીમાં ચોખલિયા ન થતા, પૈસા ખરચજો. અહીં અમેરિકામાં પણ પૈસા વગર ચૂંટણી લડાતી નથી.' આમ તો ગામ, ગોળ કે જ્ઞાતિના ધોરણે મત માંગવાના તો બીજી જ ચૂંટણીમાં શરૂ થઈ ગયેલા. ચૂંટણી જીતવા ખોટું કરવું પડે, પૈસા વેરવા પડે એ આપણે ત્યાં કેટલું વહેલું સ્વીકારાઈ ગયેલું? પક્ષો પૈસા વેરતા થયા તો ત્રીજી ચૂંટણી આવતા સુધીમાં લોકો મતના બદલામાં સામેથી પૈસા માગતા થઈ ગયા ! 'માણસ દીઠ દાડીના પૈસા આપો તો અમે લોકોને સમજાવી શકીએ નહીં તો મત આપવાના બદલે કામે જઈએ. મત આપવાથી અમારા હાથમાં શું આવવાનું છે?' આખા દેશમાં પ્રજા દારૂ, પૈસા, ધાબળા કે નાનીમોટી ચીજના બદલામાં જેને કહે એને મત આપવા તૈયાર થઈ જતી એ વાત એક કરતાં વધારે નવલકથા કરે છે.

સમાનતાની, સર્વધર્મસમભાવની વાત કરનારા આપણે એ મૂલ્યોમાં કદી માન્યા છીએ ખરા? આપણા દેશમાં આઝાદી પહેલાથી આજ સુધી કોઈ અજાણ્યું પણ પહેલાં જાત પૂછે છે, 'મૈલા આંચલ'માં ડૉ. પ્રશાન્તને ગામના લોકો જાત પૂછે છે. એ કહે છે 'ડૉક્ટર' પણ ડૉક્ટર બિહારી કે બંગાળી? જવાબમાં એ 'હિન્દુસ્તાની' કહે છે પણ 'આપણા દેશમાં હિંદુસ્તાની તો કોઈ હોતું જ નથી.' (53) અસ્પૃશ્યતા દૂર કરવા માટે ગાંધીએ ઝુંબેશ ચલાવી, પછી તો કાયદાઓ પણ બન્યા પણ વળ્યું કશું નહીં. 'રાગ દરબારી'માં લેખક વક્ર ભાષામાં કહે છે : 'અછૂત એક પ્રકારના બે પગાનું નામ છે જેને લોકો સંવિધાન લાગુ થયા પહેલાં અડતા નહોતા.' 'संविधान एक कविता का नाम है जिसके अनुच्छेद 17 में छुआछूत खत्म कर दी गई है । क्योंकि इस देश में लोग कविता के सहारे नहीं, बल्कि धर्म के सहारे रहते हैं और क्योंकि छुआछूत इस देश का एक धर्म है, इसलिए शिवपालगंज में भी दूसरे गांवो की तरह अछूतों के अलग अलग मुहल्ले थे ।' (102) 1942માં લખાયેલી 'ગણદેવતા' માં હરિજનવાસને આગ લગાડવામાં આવે છે. 1979માં લખાયેલી મન્નૂ ભંડારીની 'મહાભોજ'માં પણ આખો વાસ બાળી નખાય છે. બાળનારા કોણ છે એની લોકોને ખબર છે પણ ફરિયાદ કરવા જેટલી હિંમત ન '42માં હતી, ન આઝાદીના 32 વર્ષ પછી એવી હિંમત થાય એવો સમાજ અને વ્યવસ્થાતંત્ર આપણે બનાવી શક્યા. બંને નવલકથામાં આગ લગાડનારાઓ જ પછીથી ખાવા-પીવા કપડાં-લત્તાની મદદ કરે છે. ભાલચંદ્ર નેમાડેની 'હિંદુ'માં શિક્ષક તરીકે મહાર આવે એ સમાચારથી આખા ગામમાં સનસનાટી ફેલાઈ જાય છે. 'મરેલ ઢોર ખાનારો વળી શું ભણાવશે?' કહી લોકો એની બદલી કરાવવા કહે છે પણ કોઈ જાણકાર કાયદો બતાવે છે. (145) અકળાયેલા લોકો આવા કાયદા બનાવનાર કોંગ્રેસને મા-બેનની ગાળ દઈ રહ્યા છે. અસ્પૃશ્યતા નિવારણ માટે ગાંધીએ કરેલી મહેનત જાણે કે દેશના ગામડાં સુધી પહોંચી જ

નહોતી ! રઘુવીર ચૌધરીની 'પંચપુરાણ'માં અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમમાં દલિતોને સાથે બેસાડીને જમાડતા પંચ ગામના ત્રિકમભાઈ જેવા પંચાતિયા એકલા હોય ત્યારે આમ બોલે છે : 'જાહેરમાં ઠીક છે પણ એમ કંઈ થોડા એમને ઘરમાં ઘલાય?' તો આપણા મોટાભાગના સામાજિક સુધારા આમ બેવડાં ધોરણમાં અટવાઈ ગયા. 'ઢોરથી આભડછેટ નહીં રાખનારા માણસથી કેમ રાખે?' એવો 'કથાત્રયી'ના લવજીનો પ્રશ્ન આજે 2024માં પણ જવાબ માગતો એમ નો એમ ઊભો છે.

આપણે જેને ગાંધીમૂલ્યો કહીએ છીએ એ તો ગાંધીના ગયા પહેલાં જ અદૃશ્ય થવાનાં શરૂ થઈ ગયેલાં. 'રાગ દરબારી'ના લેખક એટલે જ વક્રવાણીમાં લખે છે : **'गांधी, जैसा कि कुछ लोगों को आज भी याद होगा, भारतवर्ष में ही पैदा हुए थे और उनके अस्थि-कलश के साथ ही उनके सिद्धांतों को संगम में बहा देने के बाद यह तय किया गया था कि गांधी की याद में अब सिर्फ़ पक्की इमारतें बनायी जाएँगी ।'** (103) એટલે ગાંધીના નામે ચોક, ચબૂતરા ને રસ્તાઓ બન્યા માત્ર. 'મૈલા આંચલ'માં ખરા ગાંધીવાદી બાવનદાસ કોંગ્રેસપક્ષના જાણીતા કાળાબજારિયાના ચોરીના સામાનને રોકવા આડા ઊભા રહે, સત્યાગ્રહ કરે તો કાલરાના ગાડાઓ બાવનદાસના શરીરને કચડીને આગળ જાય છે. બાવનદાસના શરીર પરથી ગાડાં ચલાવનારા ગાંધીજીના શ્રાદ્ધના દિવસે દારૂ-મુર્ગીની મહેફિલ માણી રહ્યા છે અને બાવનદાસની હત્યા પછી એમને જલસા કરવા બે ટાંગવાળી મુર્ગી જોઈએ છે. બાવનદાસની લાશને પાકિસ્તાની સરહદમાં આ ભ્રષ્ટ લોકો જ ફેંકે છે. એટલે જ વિવેચકો કહે છે : ' 'મૈલા આંચલ'માં બાવનદાસનું મૃત્યુ ભારતીય રાજનીતિમાં નૈતિક મૂલ્યોનું, આદર્શોનું મોત છે.' ગાંધીની અહિંસાને, સાધનશુદ્ધિની વાતને બાલદેવ જેવા ગાંધીવાદી સમજ્યા જ નથી. એટલે જ આવા લોકોએ ગાંધીના ગયા પછી તરત જ ગાંધીમૂલ્યોને માત્ર આડંબર પૂરતાં, બાહ્ય દેખાવ પૂરતાં મર્યાદિત કરી દીધાં. ખાદી પહેરવી, અહિંસાની, ઉપવાસની વાતો કરવી, રેંટિયો કાંતવો વગેરે... પણ મુશ્કેલીમાં આવી પડેલી લછમીની મદદ ન કરવી, કાળાબજાર જેવા લોકવિરોધી કામ કરવામાં બાલદેવને જરાય તકલીફ નથી થતી. 'મહાભોજ'માં સર્જક સીધો પ્રવેશ કરીને કહે છે : **'गांधी-नहेरु को देश एक क्षण के लिए भी नहीं भूलता ! चप्पे चप्पे में वे आपको विराजमान मिलेंगे, चाहे निर्जीव तस्वीरों के रूप में ही सही ।'** (65)

રાજતંત્ર, ન્યાયતંત્ર, પોલીસતંત્ર, વર્તમાનપત્ર(મિડીયા) પ્રજાના ભલા માટે હોય એ આપણી સ્વીકૃત માન્યતા કહો કે સામાજિક મૂલ્ય છે. પણ આઝાદી પછી મૂલ્યો બાબતે સર્વક્ષેત્રીય કેવો તો શતમુખ વિનિપાત કે મૂલ્યોની ઉલટફેર થઈ તેની વાત 'રાગ દરબારી' વ્યંગ અને

વક્રવાણીથી કરે છે તો 'કથાત્રયી' અને 'મહાભોજ' નવલકથાની શરતે કરે છે. 'રાગ દરબારી'નું શિવપાલગંજ પ્રેમચંદના ગામડાંથી બિલકુલ સામા છેડાનું છે. ગરજે ગધેડાને બાપ કહે એવા આ ગામના લોકો સ્વાર્થી, સ્વકેન્દ્રી, સંવેદનબધિર છે. રાજનીતિની ગંદકીની ગંગા વહેતી વહેતી ગામડે પણ પહોંચી. લોકસભા, વિધાનસભાની ચૂંટણીઓમાં મત મેળવવા ખેલાતા તમામ હથકંડા ગામની પંચાયત, ગ્રામસભા કે શાળા-કૉલેજ, કૉઓપરેટિવની ચૂંટણીઓમાં અજમાવાતા થયા. આ ગામના લોકોના પરસ્પરના અભદ્ર વ્યવહારમાં વરવી ટાંટિયાખેંચ કે લુખ્ખી દાદાગીરીમાં ક્યાંય સ્વસ્થ હરીફાઈ દેખાતી નથી, પોલીસતંત્ર, ન્યાયતંત્ર, નેતાઓ બધા વૈદ્યજીના હાથનાં રમકડાં છે. વૈદ્યજી અને પછી 'મહાભોજ'ના દા સાહેબ જેવા નેતાઓ વાતો પ્રેમ, અહિંસા, સત્ય, પ્રમાણિકતા, વિવેકની કરે છે પણ એમનાં વર્તન ગુંડાને શરમાવે એવાં છે. ગામડાંને નૈતિક, સાંસ્કૃતિક અને સામાજિક રીતે ખતમ કરવામાં આવા કુટિલ, સ્વાર્થી નેતાઓનો બહુ મોટો હાથ છે. વૈદ્યજી અને દા સાહેબ બંને ગુંડાઓની મદદથી ખુરશી ટકાવે છે. પોતાને અનુકૂળ ન હોય એવા અધિકારીની પળવારમાં બદલી કરાવી દે છે. વૈદ્યજીએ આર્થિક ગોટાળા માટે રાજીનામું આપવું પડ્યું તો પોતાના ચમચા શનિચરને એ ખુરસી પર બેસાડે છે : 'આપણે આર્થિક ગોટાળો છુપાવ્યો નથી' એવું કહેતાં વૈદ્યજીના તમામ તર્ક આપણા દેશના વ્યવસ્થાતંત્રની નિર્લજ્જતાનું પ્રતીક છે. ખોટું કરવાથી શરમ આવવી, આબરુ જવી એ હવે જાણે કે ગઈકાલનાં મૂલ્યો થઈ ગયાં.

પ્રજા શું કરે છે? વૈદ્યજી કે દા સાહેબ જેવા નરસા માણસથી દબાઈ-ચંપાઈને સમાધાનો કરે છે. વૈદ્યજી અને પ્રિન્સિપાલ મળી પ્રજાના પૈસા બરબાદ કરે, લાયક વ્યક્તિને બાજુ પર રાખી નોકરીમાં પોતાના સગાઓની ભરતી કરે છતાં પ્રજાનો પ્રતિનિધિ ગયાદીન એવું જ કહે કે, 'પ્રજાના પૈસા તો બરબાદ થવાના જ.' અને સગાઓને નોકરી બધા આપે છે એમાં એણે શું ખોટું કર્યું? આવું જ ચાલે એવું માની લેનારી પ્રજાની નિર્લેપતા પણ મૂલ્યહ્રાસની તીવ્ર ગતિ પાછળનું એક મહત્ત્વનું કારણ છે.

આ નવલકથાના લંગડ જેવા કેટલા હશે આપણા દેશમાં જે વ્યવસ્થાતંત્ર સામે પ્રમાણિકતાની કદી પૂરી ન થનારી લડાઈ લડતા હશે? એણે, કસમ ખાધેલી છે કે 'मैं रिश्वत न दूँगा और कायदे से ही नकल लूँगा ।' (136) એ ભલે કહેતો હોય કે 'मैं सत्त की लड़ाई लड़ रहा हूँ' પણ રુપ્પન રંગનાથને પૂછે છે : 'सच्चाई किस चिड़िया का नाम है? किस घोंसले में रहती है? कौन से जंगल में पायी जाती है?' આઝાદી પછી આ દેશમાં પ્રજાના ભાગે નર્યો સંઘર્ષ જ આવ્યો છે. એને લાંચ વગર દસ્તાવેજની નકલ ન મળે. રંગનાથ કહે છે તેમ : 'जनता इतनी आसानी से नहीं जीतती' (312) 'રાગ દરબારી' અને 'મહાભોજ' બંનેમાં પોલીસ અધિકારી વૈદ્યજી અને દા

સાહેબની આંગળી પર નર્તન કરે છે. ન કરે તો પળવારમાં કાં નોકરી જાય, કાં બદલી થાય. ‘મૈલા આંચલ’, ‘રાગ દરબારી’, ‘મહાભોજ’ આ બધી કૃતિઓમાં ‘રોટિયા ગવાહ’ છે. એટલે કે પૈસાના બદલામાં માલિક જેના પક્ષે, જે બોલવા કહે તે અદાલતમાં બોલી આવે છે. જોકે, સત્તાનો આતંક ‘મહાભોજ’ના સમય સુધીમાં એટલો તો વધી ગયો કે વાસ કોણે સળગાવ્યો, બિસેશ્વરનું ખૂન કોણે કર્યું તે ખબર હોવા છતાં લોકો ચૂપ રહે, ખુદ મરનારના પિતા પણ... ન્યાય કોના માટે છે? જે પૂંછડી પટપટાવે, ચમચાગીરી કરી વાહવાહી કરે એમના માટે. બાકી તો ખન્ના માસ્તરે રાજીનામું આપવું પડે, લંગડ વર્ષો સુધી ધક્કા ખાયા જ કરે અને ‘મહાભોજ’માં બિસેશ્વરના ખાસ મિત્ર બિંદાને જ જેલમાં ધકેલી દેવામાં આવે. જેના ચાવવાના અને દેખાડવાના દાંત નોખા હોય એવા દા સાહેબ જેવા રાજકારણીઓની સંખ્યા 1970 પછી આપણા દેશમાં સતત વધતી જ ગઈ. પોતે મૂલ્યોમાં માનનારા છે, મૂલ્યોના સંરક્ષક છે, અતિશય પ્રમાણિક અને ધાર્મિક છે એવી છાપ દા સાહેબની જેમ એ પોતે જ ફેલાવે છે. આપણા દેશની આ સર્વક્ષેત્રીય મૂલ્યહ્રાસની કથાથી બેચેન થઈ જવાય, ઊંઘ ઊડી જાય એવો ઊંડો આઘાત લાગે છે. રાજનીતિને હવે કોઈ સ્વપ્નશીલ, આદર્શો અને મૂલ્યોવાળી વ્યક્તિ નથી ચલાવતી પણ શાતિર, ભ્રષ્ટ, એક તીરે અનેક નિશાન પાડી શકનારા શઠ લોકો ચલાવે છે. આ શઠ લોકો પ્રજાને વોટબેંક અને બાકીનાને શતરંજના મહોરાથી વધારે મહત્ત્વ નથી આપતા. આપણને વિચાર આવે કે રાજનૈતિક જીવનમાં બેવડાં ધોરણ, ભ્રષ્ટાચાર, સગાવાદ, અવસરવાદ, અમાનવીય વલણ વગેરે 1979માં લખાયેલી ‘મહાભોજ’માં આવાં હતાં તો આજે તો કલ્પના જ કરવાનીને? અંતરાત્માનો અવાજ સાંભળીને સત્તાધીશનો નહીં પણ સત્યનો પક્ષ લેનાર બિંદા જેલમાં મરણતોલ માર ખાય છે.. સક્સેના સસ્પેન્ડ થાય છે અને લોચન રાજનીતિમાં સાવ એકલો પડી જાય છે. આ આપણો વર્તમાન છે જ્યાં સાચા લોકો હારે છે અને ખોટા મહેફિલોમાં મ્હાલે છે. ખોટું બોલનાર ડી.આઈ.જી.ને આઈ.જી. તરીકે પ્રમોશન મળે છે. ‘મશાલ’ના તંત્રી દત્તાબાબુને વાહવાહી છાપવા માટે જાહેરાતો અને ન્યૂઝ પ્રિન્ટનો ડબલ કોટા મળે છે. રાજસત્તા અને બચી ગયેલી સામંતી માનસિકતા અને મૂડીવાદીઓનું ગઠબંધન રચાય એની સામે લડનારા બિસુ કે બિંદા જેવા કાં મરી જાય, કાં જેલમાં જાય કારણ કે, પ્રેસ, પોલીસ અને ન્યાયતંત્ર ત્રણેય સત્તાધીશની મુઠ્ઠીમાં છે. આપણને આ નવલકથામાં અપરાધનું રાજનીતિકરણ અને રાજનીતિનું અપરાધીકરણ દેખાય છે તેની માત્રા અત્યારે તો એકદમ જ વધી ગઈ છે. નેતા, નોકરશાહી (પોલીસ, ન્યાયતંત્ર), પ્રેસ અને ગુંડાઓ – આ ચારેયના મેળાપીપણામાં લોકતંત્ર તો બિચારું-બાપડું થઈ જાય છે. આઝાદી સમયે પ્રજાએ જે સપનાં જોયાં હતાં એની આ ચંડાળચોકડી સરેઆમ હત્યા કરે છે. અત્યારે આપણાં સપનાં, આશાઓ અને મૂલ્યોની પડતીનો મહાભોજ ચાલી રહ્યો છે. ચોપાસ નજર તો નાખો. મોટા-મોટા અધિકારીઓ રાજકીય પક્ષોમાં જોડાઈ રહ્યા હોય,

મીડિયા બિલકુલ જ વેચાઈ ગયું હોય ત્યારે આપણે સૌ પણ મૂલ્યોના આ મહાભોજમાં સામેલ નથી? ફરક માત્ર એટલો છે કે આજે આપણી સામે પડેલી લાશ બિસૂની નહીં પણ લોકશાહીની છે.

શિક્ષણવ્યવસ્થા જો દુરસ્ત હોય તો મૂલ્યોનું જગત બચવાની થોડીક શક્યતા રહે પણ આપણી શિક્ષણવ્યવસ્થા કઈ હદે ખાડે ગઈ છે તેની વાત 'રાગ દરબારી', રઘુવીર ચૌધરીની 'એકલવ્ય', જયંત ગાડીતની 'આવૃત્ત' વગેરે કરે છે. 'રાગ દરબારી'ની છંગામલ ઇંટરમીડિએટ કૉલેજમાં જમીનથી લઈને સરકારી ગ્રાંટનો ઉપયોગ, વિદ્યાર્થીઓની દાદાગીરી, માસ્તરોનું વર્ગખંડમાં અગડંબગડં ભણાવવું, પરીક્ષામાં ચોરી કરવી, માસ્તરો-આચાર્ય વગેરેની સત્તા માટેની, અસ્તિત્વ માટેની લડાઈ તથા સગાસંબંધીઓને નોકરીએ રાખવા, પ્રમોશન આપવા એ બધું હોવું સામાન્ય હોય એમ થઈ રહ્યું છે. શ્રીલાલ શુક્લ એમની વક્રવાણીમાં કહે છે : 'क्योंकि इस कालेज की स्थापना राष्ट्र के हित में हुई थी, इसलिए उसमें और कुछ हो या नहीं, गुटबंदी काफी थी ।' જોકે, જૂથબંધીનું હજી જોઈએ એવું પરિણામ નથી આવ્યું. હજી તેમાં ઘણું કામ કરવાનું બાકી છે. (76) કૉલેજના મેનેજરની સામાન્ય ચૂંટણીઓ તમંચાની તાકાત પર થાય ત્યારે રંગનાથ બાપડો વિચારે કે, 'જે દેશમાં આવા નાના નાના હોદ્દા માટે આવું કરવામાં આવે છે ત્યાં મોટા મોટા હોદ્દાઓ માટે શું નહીં થતું હોય?' (147) આવું ન કરવું જોઈએ એવું એ વૈદ્યજીના અઢાર વર્ષના દીકરા રુપ્પનને કહે છે તો જવાબ મળે છે કે, 'देखो दादा, यह तो पोलिटिक्स है । इसमें बड़ बड़ा कमीनापन चलता है । दुश्मन को जैसे भी हो चित्त करना चाहिए । यह न कर पाएँगे तो खुद चित्त हो जाएँगे ।' (148) આવડા નાના છોકરાનો જવાબ સાંભળીને આપણને લાગશે કે હજી થોડાં વર્ષો પહેલાં સાધનશુદ્ધિ વડે જ સાધ્યના મૂલ્યમાં માનતા આપણા દેશે મૂલ્યહ્રાસ બાબતે કેવી તો દોટ મૂકી?

અહીં વાઈસ ચાન્સેલર માટે જે કહેવાયું છે એ અલ્પોક્તિ લાગે એ હદે આપણે હવે નીચે ઉતરી ગયા છીએ. 'વાઈસ ચાન્સેલર માટે પણ જિંદગી નરક છે. सवेरे से ही अपनी मोटर ले कर हर एक्ज़क्यूटिव वाले को सलाम लगाता है । कभी चांसलर की हाज़िरी, कभी मिनिस्टर की, कभी सेक्रेटरी की । गवर्नर साल में कम से कम चार बार डाँटता है ।... लड़के माँ-बहिन की गाली देते हुए सामने से जुलूस लेकर निकल जाते हैं । हमेशा पिटने का अंदेशा' (194) તો આ છે આઝાદ ભારતની શિક્ષણવ્યવસ્થાનું ચિત્ર. શિક્ષણનું ક્ષેત્ર સત્તાધીશના પગ પકડવાની હોડ બકે ત્યારે બાકીના એકેય ક્ષેત્ર મૂલ્યહ્રાસથી ન બચે એ સીધી વાત છે.

આપણે ત્યાં શિક્ષણ અને રાજકારણ બંનેએ ખાડે જવા માટે કેવી હોડ બકેલી છે એની વાત રઘુવીર ચૌધરીએ 'એકલવ્ય'માં કરી ત્યારે બધાને અતિશયોક્તિ લાગી હતી. 2009માં લખાયેલી 'એક ડગ આગળ, બે ડગ પાછળ'માં તેઓ સ્વનિર્ભર શિક્ષણના નામે ખૂલી ગયેલી હાટડીઓની

વાત કરે છે. કારકુનથી લઈને મંત્રી સુધી બધાને એમની ટકાવારી પહોંચી રહી છે. લગભગ કોઈ ખાતું એવું નથી જે ખાતું ન હોય. ખાલી પડેલાં પુસ્તકાલયો, પીળી પડી ગયેલી તૈયાર સામગ્રી, વગર વાંચ્યે વર્ગમાં જતા અધ્યાપકો અને શિક્ષકો... વિદ્વાન વક્તાને સાંભળી ન શકતા, વચ્ચે તાળીઓ પાડતા, શિક્ષક કે સહપાઠી છોકરીની ગમે તેવી મજાક કરતા વિદ્યાર્થીઓની આ છીછરી પેઢી જોઈને લાગે કે આપણે બહુ ઓછા સમયમાં ઘણી વધારે અવનતિ સાધી શક્યા છીએ. 'લાવણ્ય'માં Ph.D. ના વાઈવા નિમિત્તે પરીક્ષકો કેટલી અધમ કક્ષાએ ઊતરી શકે એ વાત નિમિત્તે સર્જકને આ આખુંય ક્ષેત્ર કેટલી હદે ખાડે ગયું છે તેની વાત કરવી છે. 'પંચપુરાણ'માં હાઈસ્કૂલનું મકાન સ્મશાનમાં હતું. 'એક ડગ આગળ, બે ડગ પાછળ'માં તો શિક્ષકો ઘડતી સંસ્થાને જ લેખકે સ્મશાને પહોંચાડી દીધી. સરસ્વતીને સ્મશાનમાં લઈ જનારાઓને કોઈ જાતની શરમ નથી. મુખ્ય ટ્રસ્ટી ધનાજી કહે છે : 'આ સાહસ માત્ર આર્થિક છે, શૈક્ષણિક નથી. તમે તમાકુનો વેપાર કરો કે શિક્ષણનો, જોવાનો છે નફો. આ પીટીસી, બી.એડ. કૉલેજો તો લૉટરીની ટિકિટ લાગ્યા જેવી લાગે છે.' ગામની શાળાની જે હાલત છે, શિક્ષકોના જે હાલ છે તે 'હિંદુ' નવલકથામાં આલેખાયેલ છે. શિક્ષકો ભણાવવાને બદલે ભળતાં સરકારી કામો જ કર્યાં કરે છે. મેલેરિયાના ચાર્ટ ભરવાના, સરકારી જાહેરાતો લખવાની, મોતિયો-તાવના રિપોર્ટ ભરવાના... આમાં માસ્તર ભણાવે ક્યારે?

'ઉપરવાસ કથાત્રયી', 'લાગણી', 'વચલું ફળિયું', 'પંચપુરાણ' કે 'કાચા સૂતરને તાંતણે' જેવી નવલકથાઓમાં રઘુવીર ચૌધરી પલટાતા સમય સાથે બદલાતાં ગામડાંને આલેખે છે. સમાંતરે દેશના બદલાતા રાજકીય રંગોને અને બદલાઈ રહેલાં સમાજજીવનને પણ તટસ્થ દૃષ્ટાની નજરે અવલોકે છે. બદલાતા કાલખંડની સમાંતરે ઘસાતાં જતાં જીવનમૂલ્યોની એમણે વારંવાર વાત કરી છે. આઝાદી પછીના 30-35 વર્ષના ગાળામાં બીજી અનેક બાબતે બદલાયેલું ગામડું, કુરિવાજો બાબતે જરાક પણ નથી બદલાયું. સાટાપેટાનો રિવાજ કઈ હદે ઘર કરી ગયો છે કે ઘેમરનો સસરો બધા વચ્ચે કહે છે : 'હું તો પૈસા લેવાનો. દીકરી મોટી કરી, પૈણાવી તો પૈસા તો લેવાના જ. ને આખી નાત પાપ કરતી હોય તો મારે પુણં કરીનં ધરમરાજાના ચોપડામાં જુદું પાનું નહીં ખોલાવવું.' (ઉપરવાસ-19)

સહકારી મંડળીઓએ, દૂધની ડેરીઓએ ખિસ્સામાં રોકડ વધારી પણ બધું દૂધ ડેરીઓમાં ભરાવાના કારણે વલોણાં ગયાં, ઘરનાં છોકરાં છાશ-માખણમાંથી ગયાં, ગરીબ પડોશીઓ છાશનો છાંટો પામતા હતા એ બંધ થયું. આ વાત ભૈરપ્પાની 'ગોધૂલિ'માં પણ થઈ છે. આઝાદી પછી ઝડપભેર બદલાઈ રહેલા ગ્રામસમાજ દ્વારા આમ તો સર્જક બદલાતા ભારતની તસવીર જ રજૂ કરે છે. રોજિંદી પંચાતથી રાજકીય ખટપટો સુધી પહોંચેલાં ગામડાંને આલેખતા સર્જકે સમાંતરે

કોંગ્રેસના ભાગલા, બેંકોનું રાષ્ટ્રીયકરણ, મિલોનું બંધ થવું, અનામત વિરોધી આંદોલન, શિક્ષણનું રાજકારણ, કોમી તોફાનો જેવી અનેક ઘટનાઓ વડે વિવિધ નવલકથાઓમાં બદલાતા કાળખંડને વ્યંજિત થવા દીધો છે. હીરુભાઈ જેવા સાચુકલા ગાંધીવાદી હારી જાય પણ પશાકાકા જેવા નઠારા ચૂંટણીમાં જીતી જાય. રણછોડ જેવા વધુ ને વધુ પૈસાવાળા થાય, નાની-મોટી સત્તા મેળવે. દુરિત જ હાવી થતું હોય ને સત્ય પાછા પગલે ચાલવું હોય એવું હંમેશ થતું હશે? આ પ્રશ્ન 'રાગ દરબારી' અને 'મહાભોજ'માં પણ થાય. આપણા સમયની આ બલિહારી છે કે હતાશ માત્ર મૂલ્યોમાં માનનારા જ થાય છે. હીરુભાઈ નિરાશ થાય, દેવુ, ભગો, રમેશ કે હરિભાઈ હતાશ થાય પણ રણછોડ, પશાભાઈ, ધનાજી, પવન જેવા નિરાશ નથી થતા. 'રાગ દરબારી'માં રંગનાથ નિરાશ થાય, 'મહાભોજ'માં પણ મૂલ્યોની તરફેણ કરનાર લોચનભૈયા નિરાશ થાય પણ વૈદ્યજી કે દા સાહેબની તો જીત જ થાય. છાપેલ કાટલા જેવો દાણચોર, વ્યભિચારી – ટૂંકમાં તમામ લક્ષણે પૂરો મગન ધારાસભ્ય થાય. ખરેખર જ ભગાની જેમ બધું હસવામાં કાઢી ન નાખીએ તો જીવી ન શકાય એવા મૂલ્યહ્રાસના સમયમાં આપણે જીવીએ છીએ. આપણા દેશની લોકશાહીના પાયા કેવી ભરભર ખરી પડે એવી રેતી પર મુકાયેલા છે તે આ નવલકથાઓ આપણને બતાવે છે. મતની જરૂર હોય ત્યાં સુધી ઠીક છે પછી ગાંધી કે દલિત બેમાંથી કોઈની નેતાઓને જરૂર પડતી નથી. આઝાદી પછી મૂલ્યનિષ્ઠ માણસ હાંસિયામાં ધકેલાતો ગયો. ગરીબ વધુ ને વધુ ગરીબ બનતો ગયો. એણે જમીનો વેચવા કાઢી. માલિક મટીને એ મજૂર બન્યો એ વાત 'મૈલા આંચલ' પણ કરે છે. હીરુભાઈ જેવા ગાંધીવાદી નિસાસો નાખીને કહે છે : 'હું તો એવા સ્વપ્ન સેવતો હતો કે આઝાદી પછી નાનામાં નાના માણસનું કલ્યાણ પહેલું થશે.' (સહવાસ-91) હીરુભાઈના કામને, સેવાને વખાણનારી પ્રજા મત આપીને એમને જીતાડી નથી શકતી. સ્વરાજ સાથે સુરાજ્ય આવશે એવી આશા તમામ ક્ષેત્રે કેવી તો ઠગારી નીવડી એ વાત આપણા લેખકોએ અનેક રીતે કરી છે. આપણે રાજકીય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે સતત નીચે ઊતરતા જ ગયા. આંખની શરમ, વિવેક બધુંય કશેક પાછળ છૂટી ગયું. ધીટ, નફ્ફટ, જૂઠા, જાડી ચામડીના, કશી વિશેષ આવડત કે લાયકાત વગરના લોકો આ ક્ષેત્રોમાં સફળ થાય ત્યાં સુધી આપણે પહોંચી ગયા છીએ અને હજુય નીચે ઊતરતા જ જઈએ છીએ. નહીંતર ગાંધી શતાબ્દીના વર્ષે જ ગુજરાત થોડું ભડકે બળે? સ્ત્રી પર બળાત્કાર કરનારાઓને હારતોરા થોડા જ પહેરાવાય?

આપણા દેશમાં લોકતંત્ર પહેલેથી જ જાતિઓમાં, શહેર અને ગામડામાં, અમીર-ગરીબ, ભણેલ-અભણમાં વહેંચાયેલું હતું. આપણે લોકશાહી વ્યવસ્થાથી રાજી ચોક્કસ થયા પણ આ લોકશાહીએ વિભિન્ન જાતિઓને તથા અભણ, ગરીબ, શોષિતવર્ગને વોટબેંકમાં ફેરવી નાખ્યા. અચાનક જ અભણ, પછાત, શોષિત પ્રજા તથા ગામડાં રાજનીતિના પરીઘ પરથી કેન્દ્રમાં આવી

ગયાં. વોટબેંક બની ગયાં. આખું લોકતંત્ર જાણે કે મજાક બની ગયું. સ્વરાજ પછી સમાજવાદી શાસન કે મૂલ્યોની વાતો ચોક્કસ જ થઈ પણ હકીકતે શું થયું તેનું ચિત્ર રેણુ 'મૈલા આંચલ'માં રાજનીતિના પુસ્તક કરતાં પણ વધારે સ્પષ્ટ રીતે દોરે છે. રાજનીતિ પર મૂડીવાદી અને સામંતશાહી મૂલ્યો જ હાવી રહ્યા. રાજનીતિમાં પૈસા, ગુંડાઓની તાકાત અને જાતભાતના છળકપટની જ બોલબાલા રહી. આમાં એકેય રાજકીય પક્ષ પાછળ રહેવા નો'તો માંગતો. જ્યારે સમાજ, રાજનીતિ, શિક્ષણ, મૂલ્યોનું જગત પડતી તરફ ગતિ કરતું હોય, અંધારા તરફ દોટ મૂકતું હોય ત્યારે સૌથી પહેલી શરત છે બુદ્ધિજીવી લોકોએ આવું થતું રોકવા માટે મેદાનમાં ઊતરવું પડે. એના માટે રાજનીતિમાં જોડાવું જરૂરી નથી. બસ વિરોધ કરી શકાય. પણ છેલ્લાં 70-75 વર્ષોથી થાય છે સાવ ઊંધું. પોતાના લાભ કે સગવડો માટે બુદ્ધિજીવી કે બોલકો વર્ગ શોષકોની, સત્તાધીશોની સાથે થઈ જાય છે. અથવા એ તટસ્થ રહેવાનું, મૌન રહેવાનું પસંદ કરી સંઘર્ષ ટાળે છે. હૈયું બેસી જાય, મન કકળી ઊઠે એવી ભયાનક ઘટનાઓ પણ બૌદ્ધિકવર્ગને ખાસ અસર ન કરે એ હદે આ વર્ગ સંવેદનજડ બની ગયો છે. છાપું વાંચે કે ટીવી જુએ એટલી ક્ષણ એમને અસર થાય છે, પછીની ક્ષણે એ પોતાની દુનિયામાં મસ્ત થઈ જાય છે એ આપણે 'મહાભોજ'માં જોઈ શકીએ છીએ. જે બોલે તેની હાલત કેવી થાય એની વાત હિમાંશી શેલતની 'ભૂમિસૂક્ત'માં નામ સાથે થઈ છે. 'રાગદરબારી'માં બુદ્ધિજીવી વર્ગે પરદેશ જતા રહેવું જોઈએ અથવા જે ચાલે છે તેની સાથે સમાધાન કરી લેવું જોઈએ એ કહેવાયું હતું. આપણું તંત્ર એટલી હદે ખાડે ગયું છે કે પરદેશ જનારા સામે બહુ પ્રશ્નો નહીં કરી શકાય એ વાત 2024માં હિમાંશી શેલત પણ 'ભૂમિસૂક્ત'માં સ્વીકારે છે.

'મહાભોજ' ભારતીય રાજનીતિની ભ્રષ્ટતા, પ્રેસની ઘૂંટણિયે પડી જવાની ટેવથી ચિંતિત છે. અહીં સૌથી વધારે ચિંતા થઈ છે ભારતીય રાજનીતિમાં વધતાં જતાં જાતિગત સમીકરણોની. પછાત, વંચિતો પર અનહદ અત્યાચારો થાય પછી રાજકીય નેતાઓ જરાક સહાય આપે, સહાનુભૂતિ દાખવે એટલે એ બિસૂના બાપ હીરાની જેમ અત્યાચારીઓના પક્ષે થઈ જાય અને શોષિતો માટેની લડાઈ લડનારા સ્તબ્ધ રહી જાય છે. આ બાબતે સત્તાપક્ષ કે વિરોધપક્ષના મૂળ ચરિત્રમાં, રાજનીતિમાં કશો ફરક નથી. મીડિયા અને નોકરશાહી બિલકુલ અવસરવાદી છે. રાજનીતિને પોલીસ અને ન્યાયતંત્ર પૂરો સાથ આપે છે. ક્ષુલ્લક લાભો મેળવવા માટે પોલીસ સત્તાધીશની આંગળી પર નાચે, મીડિયા લાભો મેળવવા સત્તાધીશ ઇચ્છે એવું છાપે પરિણામે શોષિત વર્ગ માટે ન્યાય મેળવવો અઘરો બની જાય. આ નવલકથા ભલે 1979માં લખાઈ હોય પણ આજેય આપણે આનાથી કંઈ જૂદું નથી જોતા. કદાચ થોડા વધારે બગડ્યા હોઈશું.

રાજકારણ અને સમાજકારણમાં ધર્મ, પૈસા, જાતિનો પ્રભાવ ઘટવાને બદલે વધતો જાય છે. અત્યારે શાળા-કૉલેજ, યુનિવર્સિટી સહિતનો સમાજનો કોઈ હિસ્સો એવો નથી જે રાજનીતિથી સીધો પ્રભાવિત ન હોય. લોકોના જીવનમાં રાજકારણ, ધર્મ અને બજાર સીધાં ઘૂસી આવ્યાં છે. બધે સત્તાધીશોની બોલબાલા છે. હવે સત્તા લોકશાહી કે મૂલ્યોનાં જતન માટે નથી મેળવાતી પણ પોતીકા સ્વાર્થની કે પક્ષીય સ્વાર્થની પૂર્તિ માટે મેળવાય છે. સત્તાધીશો પર પાછી ધર્મની કે ઉદ્યોગગૃહોની સત્તા ચાલે છે. જે પ્રજા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તેનું સત્તાધીશો આમ પણ વધારે શોષણ કરે. તેઓ આ વંચિતોને એમની મૂળભૂત જરૂરિયાતો રોટી, કપડાં અને મકાનમાં જ ગૂંચવાયેલા રાખે છે. ઉપકાર કરતા હોય એમ મૂળ જરૂરિયાતો આપે તોય વંચિતો એટલા તો ગદગદ થઈ જાય છે, એટલી હદે ઋણી થઈ જાય છે કે સત્તાધીશની આંગળી પર નાચવા તૈયાર થઈ જાય છે. 'મહાભોજ'માં જે શહેર છે તે ભારતનું કોઈપણ શહેર હોઈ શકે અને સરોહા એટલે ભારતનું કોઈપણ ગામ. 'મશાલ'ના માલિક જે રીતે વેચાઈ ગયા તે ખેલ આજે આપણે વેચાઈ ગયેલી ન્યૂઝચેનલોમાં ખુલ્લેઆમ જોઈ રહ્યા છીએ. આ ખેલ કેટલો તો વહેલો શરૂ થઈ ગયેલો તે આપણને 'મહાભોજ' બતાવે છે. કાશીની વાત બિલકુલ સાચી છે : 'राजनीति हमारी, विचार-सून्य तो थी ही – इधर कुछ सालों से आचार-सून्य हो गई है ।' (81) દા સાહેબ જોરાવરને બદલાયેલા સમય સાથે બદલવાની સલાહ આપે છે પણ જોરાવર જેવા જડ બાહુબલી સમય કે જમાનો બદલાયા હોય એવું માનતા જ નથી. એ તો સામો જવાબ આપે છે : 'इन हरिजनों के बापदादे, हमारे बाप-दादों के सामने सिर झुका कर रहते थे । झुके-झुके पीठ कमान की तरह टेढ़ी हो जाती थी । और ये ससूरे सीना तानकर आँख में आँख गाड़कर बात करते है । बरदास्त नहीं होता यह सब हमसे ।' શુદ્ધ સામંતશાહી માનસિકતા ધરાવતો જોરાવર કહી દે છે : 'बदल रहा होगा जहाँ बदल रहा होगा जमाना । हमारे रहते सरोहा में नहीं बदल सकता जमाना ।' (મહાભોજ-147) વર્તમાન ભારતમાં તો આ જોરાવરોને હવે નેતાઓની જરૂર પણ નથી રહી, કારણ કે હવે તેઓ પોતે જ ચૂંટણી લડે છે, જીતે છે અને તંત્રને મુઠ્ઠીમાં રાખે છે.

1968માં લખાયેલી એસ. એલ. ભેરપ્પાની 'ગોધૂલિ'માં પણ બદલાતા સમય સાથે બદલાતાં મૂલ્યોની વાત થઈ છે. કાલિંગના પિતા ગાયને મા માનતા પણ પરદેશ ભણીને આવેલો દીકરો લગભગ તમામ ભારતીય મૂલ્યોને વિસારે પાડીને, અમેરિકન હિલ્ડાને પરણીને પાછો આવ્યો છે. ગામમાં કદી કોઈ ઘરડા ઢોરને વેચવાની કલ્પના ન કરે પણ કાલિંગ ઘરડા ઢોર મુસ્લિમ વેપારીને વેચી દે છે. એ ખેતી માટે ટ્રેક્ટર વાપરે છે, ખેતરમાં રાસાયણિક ખાતર નાખે છે. એના પિતાએ આખા ગામ માટે મંદિર અને પાણીનો કુંડ બનાવેલો. પણ કાલિંગ એ કુંડને

પોતાનો માને છે, એમાં ઈરિગેશન પંપ લગાવે છે, પત્ની હિલ્ડા સાથે એમાં નહાવા પડે છે. સર્વોદયની ભાવનાથી દૂર થઈ આપણે કેટલા સ્વકેન્દ્રી થતા ગયા તે અહીં સૂચવાય છે. મૂલ્યોની આ ઉલટસુલટ ગામમાં કોઈને નથી મંજૂર. ગામમાં કોઈ દૂધ ન વેચતું પણ કાલિંગે ગાયોને મશીનથી દો'વાની શરૂ કરી, દૂધ વેચવાનું શરૂ કર્યું. ભારતીય મૂલ્યોમાં જે ભદ્રભાવના હતી એનો આપણે ત્યાગ કર્યો એટલે તમાકુ જેવા રોકડીઆ પાક વાવ્યા. ઝેરી ખાતરો નાખ્યાં. કદાચ હવે કાલિંગ ભારતીય મૂલ્યોમાં નથી માનતો. એટલે તો પિતાની ઉંમરના ચંકટાને 'તમે તમારું ઘર સંભાળો, મારું ઘર જોવાવાળો હું બેઠો છું.' (111) એવું કહી શકે છે. લેખકે ભારતીય સંસ્કૃતિના ભવ્ય મૂલ્યો, માન્યતાઓના માત્ર ગુણગાન જ નથી કર્યાં. સમાંતરે એની મર્યાદાઓ પણ બતાવી છે. બધાં જીવ સરખાં એવું માનનારી ભારતીય પ્રજાને બલિ ચડાવવા બકરા કે પાડાને વધેરવામાં કશું ખોટું નથી લાગતું. હકીકતે આ બેવડું ધોરણ છે. આખી નવલકથામાં બે પેઢી વચ્ચેનો માન્યતાઓ-મૂલ્યોનો સંઘર્ષ આલેખાયો છે. હિલ્ડા નિમિત્તે આ સંઘર્ષ બે દેશ, બે સંસ્કૃતિ, બે ધર્મ, બે માન્યતાઓ, બે સમાજ વચ્ચેનો થઈ જાય છે. જે પરંપરામાં તમારાં મૂળિયાં રોપાયેલાં હોય, જે મૂલ્યો વચ્ચે તમે મોટા થયા હો એ છોડવા એટલાં સહેલાં નથી એ 'ગોધૂલિ'નો કાલિંગ કે ભગવતીકુમાર શર્માની 'સમયદ્વીપ'નો નીલકંઠ બંને સમજે છે. હિલ્ડા કે નીરાનો કોઈ વાંક ભલે ન હોય પણ એમનો નર્યો ભૌતિકવાદ, એમની નરી બૌદ્ધિકતા એમને પતિના મૂલ્યોના જગત સાથે મેળ નહીં પાડવા દે. નીલકંઠ અને કાલિંગ જે જગતમાં મોટા થયા છે ત્યાંના લોકો સનાતન મૂલ્યોમાં, શાશ્વતીમાં શ્વસે છે. એ સૌ માટે સમય જાણે કે થંભી ગયો છે. બંને નવલકથાના નાયકો સંક્રાન્તિકાળના સંતાનો છે. એ બંને પરંપરાગત મૂલ્યો અને બદલાયેલાં મૂલ્યો વચ્ચે અટવાતા જ રહેવાના. એ બંનેની પીડા સંક્રાન્તિકાળના દરેક સંતાનના કપાળે લખાયેલી હોય છે. આ બંને કથાનાયક છેલ્લે સાવ એકલા પડી જાય છે. જે એકલતા અને દ્વિધા આ બંને અનુભવે છે તે હકીકતે વૈયક્તિક સમસ્યા નથી, સામાજિક, સાંસ્કૃતિક સમસ્યા છે. અહીં બે પેઢીનાં મૂલ્યો ટકરાઈ રહ્યાં છે. ગર્ભનાળ જેવાં જીવનમૂલ્યો, સંસ્કાર અને સંસ્કૃતિથી સંપૂર્ણ વિચ્છેદ શક્ય નથી એ નીલકંઠ તથા કાલિંગ બંને સમજે છે.

કેટલીયે નવલકથા દર્શાવે છે કે આઝાદી આવવાથી ગામડાંની આર્થિક સ્થિતિમાં ખાસ કશો બદલાવ નથી આવ્યો. હા, જિંદગીની પુરાણી ચાલ બદલાઈ ગઈ છે, મૂલ્યો બદલાઈ ગયાં છે, સંબંધોનું જગત બદલાઈ ગયું છે. વર્ષા અડાલજાની 'ક્રોસરોડ' ને બાદ કરતાં લગભગ કોઈ ગામડાંના લોકોએ સ્વરાજ માટેના આંદોલનમાં ભાગ નથી લીધો, પણ મીઠાના સત્યાગ્રહ વખતે લગભગ બધાં ગામડે મીઠું પકાવાયેલું એ 'ઉદાસ નસ્લે', 'મૈલા આંચલ' કહેશે. 'મૈલા આંચલ'ની અભણ પ્રજા ગાંધી, જવાહરનાં ગીતો પણ ગાય છે. પણ સ્વરાજ એટલે શું? એ લગભગ કોઈને

નથી ખબર. આઝાદી પછી કોઈ ઉદ્દેશ વગરના શિક્ષણનો પ્રસાર, ચૂંટણીઓનો માર, જ્ઞાતિ આધારિત ચૂંટણીઓ વગેરેએ ભેળા થઈને ગામડાંના લોકોના પરસ્પરના સંબંધો બદલી નાખ્યા છે. શાળ-કૉલેજમાં ભણનારાઓ પોતાની જાતને ગામથી કપાઈ ગયેલી અનુભવે છે. સંબંધોનું જગત જુઓ. 'રાગ દરબારી'માં રુપ્પન રંગનાથને કહે છે : 'અહીં સગા બાપનો ભરોસો ન કરાય.' સનિચર કહે છે : **'यहाँ कोई कटी ऊँगली पर भी मूतनेवाला नहीं है ।'** (47) ઉષ્મા વગરના સંબંધો એ માત્ર શહેરોનો પ્રશ્ન ન રહ્યો, આ ગામડાં પણ એ જ માર્ગે ચાલ્યાં. તમે બિલોરી કાચ લઈને શોધો તોય તમને શિવપાલગંજમાં ભાઈ-ભાઈ વચ્ચે, બાપ-દીકરી વચ્ચે કે બાપ-દીકરા વચ્ચે કોઈ હુંફાળા સંબંધ નહીં દેખાય. રુપ્પન અને બદરી પહેલવાન વૈદ્યજીને અભદ્ર ભાષામાં કેવું કેવું સંભળાવી દે છે? (257-58) જે સંબંધો સારા દેખાય છે એ નર્યા સ્વાર્થભર્યા છે. દા.ત. પ્રિન્સિપાલ અને વૈદ્યજી વચ્ચેના સંબંધ, અહીં ક્યાંય માનવતા, વિવેક, સ્નેહ, મર્યાદા શોધ્યા નથી જડતા. ખરેખર જ પ્રજા કેટલી હદે સ્વાર્થી, સ્વકેન્દ્રી થઈ ગઈ છે કે કૉલેજનો ક્લાર્ક કહે છે : **'लोग अपना ही दुःखदर्द ढो ले यही बहुत है । दूसरे का बोझा कौन उठा सकता है ! अब तो यही है भैया कि तुम अपना दाद उधर से खुजलाओ, हम अपना इधर से खुजलाए ।'** (રાગ દરબારી) રઘુવીર ચૌધરીની 'અંતરવાસ'માં દેવુને પણ લાગે છે : 'ગામના હૈયામાં ફરતા રહેતા માનવતાના લોહીની ગતિ ઘટી રહી છે.' (304) સમાજ કેટલો વહેંચાયેલો, પૂર્વગ્રહોથી ભરેલો થઈ ગયો હતો? 'રાગ દરબારી'માં જેલમાંથી છૂટતો હરિરામ આખા વિસ્તારમાં ઇજ્જતદાર ગણાતા માણસો – એટલે કે સ્ત્રીઓ, અછૂતો અને મુસલમાનો સિવાયના દરેકને – માટે એક મહેફિલ ગોઠવે છે. આપણે આનો અર્થ એ જ કરવાનોને કે, જે ત્રણેયને ન બોલાવ્યાં એમની કોઈ ઈજ્જત નહોતી ! આજે પણ આ બાબતે કશો ખાસ ફરક પડ્યો છે ખરો?

1955 થી 2000 વચ્ચેના ગાળામાં લખાયેલી ઘણી ભારતીય નવલકથાઓમાં કોઈ ને કોઈ રીતે સાંસ્કૃતિક-સામાજિક માળખાં તૂટવાની અને મૂલ્યોની ઉલટસૂલટ થવાની વાત છે. ધર્મના નામે થયેલા દેશના ભાગલાએ સાંસ્કૃતિક-ભાષિક-પ્રાદેશિક ઐક્ય ધરાવતી પ્રજાને એક સ્થળેથી બીજાં સ્થળે જવા લાચાર બનાવી. સરહદની બંને બાજુ પ્રજાએ જે ગુમાવ્યું એનો હિસાબ આંકડાઓમાં થઈ શકે એમ નથી. સદીઓના સહજીવનનો અંત આવ્યો, પરસ્પર દુશ્મન થઈ બેઠેલી પ્રજાનાં હૈયાનાં સહિયારાં ગીત કાયમી ધોરણે મૂંગાં થઈ ગયાં. અંગ્રેજોએ પોતાના ફાયદા માટે, સત્તામાં ટકી રહેવા માટે આ બે કોમને લડાવી હતી પણ આઝાદી પછી દેશની નેતાગીરીએ પોતાની મતબેંક સાચવવા આ બે પ્રજા વચ્ચેની તિરાડને વધુ ને વધુ પહોળી કરી. આ 40-45 વર્ષના ગાળામાં આપણને 'આગ કા દરિયા', 'આધા ગાંવ', 'ઝુઠા સચ', 'કાલે કોસ', 'કાલા જલ',

'તમસ', 'ટ્રેઇન ટુ પાકિસ્તાન', 'સુખા બરગદ', 'કિતને પાકિસ્તાન', 'છાકો કી વાપસી' જેવી અનેક નવલકથાઓ મળી જેણે પ્રજાકીય એકતાની, પ્રજાનાં હૈયાનાં સહિયારાં ગીતની, ગંગાજમુની તહેઝીબની વાત કરી. આપણા દેશની પ્રજાને જોડનારું તત્ત્વ સંસ્કૃતિ હતી, ભાષા હતી, ધર્મ કદી નહોતો. તેના પર આ નવલકથાઓએ ભાર મૂક્યો. આઝાદી પહેલાના આપણા ગામડાં કેવાં હતાં તેની વાત કરી. સામાજિક વાસ્તવની ભોંય પર ઊભી રહેલી આ નવલકથાઓ પલટાતા સમયની સાથે બદલાઈ રહેલાં જીવનમૂલ્યોની વાત પણ કરી લે છે.

'આગ કા દરિયા'નો કમાલ કહે છે : 'તમે અસ્સલ ભારત, એનાં ગામડાં જોયાં છે? अगर माधोपुर की हिन्दू लड़की ब्याह कर करनगंज जाए तो माधोपुर का मुसलमान किसान कभी करनगंज में पानी नहीं पियेगा, क्योंकि वह उसकी बेटी की ससुराल है, यह है जनता की संस्कृति, जनता का चलन, जो मझहब और राजनीति से कहीं ऊँचा है ।' (266) જ્યાં શીતળામાતાને પગે લાગતા મુસ્લિમો છે, દરગાહ પર ફૂલ-માળા ચડાવતા હિન્દુઓ છે, એકમેકના તહેવારો ઉજવતા, એકમેક માટે અપાર મમતા ધરાવતા લોકો કમાલ માટે ખરું હિન્દુસ્તાન છે.' 'હિંદુ' નવલકથામાં ભાલચંદ્ર નેમાડે લખે છે : 'બહારથી આવતા એ ગામમાં સમાઈ જતા. રોટી-બેટીનો વ્યવહાર નથી બાંધતા, પોતાનું જાતિ-ધર્મનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવીને પેઢી દર પેઢી લોકો એકમેક સાથે રહેતા આવ્યા છે. આ સહજીવનનો મંત્ર છે.' : अपना गुज़ारा कीजिए, और ढंग से रहिए, बस हो गया । ઝૂંપડીવાળો હોય કે સો વીઘા જમીનનો માલિક... ગામના લોકો એકમેક સાથે પ્રેમ-નફરત કરતાં કરતાં નવાઈ લાગે એવી એકતાથી જીવ્યે જતા. કોઈના ઘરે લગ્ન હોય તો આખા ગામની દીકરી હોય એમ સહુ મચી પડતા. (હિન્દુ-103) ગામડાનો સમાજ સર્વસમાવેશક હતો એ ઉપરની મોટાભાગની નવલકથાઓ કહે છે. ક્યાંક અમુક સારપ બચેલી જોઈ શકાય છે. દા.ત. રઘુવીર ચૌધરીની કથાત્રયીમાં જીવણને વીજળીનો ઝાટકો લાગે કે લવજીના ઘરની પછીત નમે ત્યારે આખું ગામ દોડે છે. એવું જ 'ગણદેવતા'માં દેવુ પંડિતની મુશ્કેલી વખતે આખું ગામ ભેળું થાય છે. કોઈના ઘરનું મરણ કે પરણ... ગામ તરત હાજર થઈ મદદ કરતું. આપણા સામાજિક જીવનની બહુ મોટી મૂડી એટલે આપણું આ સમૂહજીવન જે 'ગણદેવતા', 'જિંદગીનામા', 'મૈલા આંચલ', 'આધા ગાંવ', કથાત્રયી, 'હિંદુ'માં જોવા મળે છે. અહીં વ્રતો, ઉત્સવો, તહેવારો નિમિત્તે આખા ગામની પ્રજા જોડાતી. ઈદ, દશેરા, લોહડી, બૈસાખી, છઠપૂજા, લક્ષ્મીપૂજા, મોહરમ...જેવા તહેવારો સૌ સાથે મળીને ઉજવે છે. દીકરાના જન્મની ખુશી મનાવતી પ્રજા નજર ઉતારવામાં, કાળું ટીલું કરવામાં માને છે. દીકરીના જન્મે ભાગ્યે જ રાજી થાય છે એ તો લગભગ તમામ નવલકથા, આત્મકથા કહેશે. ભૂતપ્રેત, દોરાધાગા, બાવા-ફકીર, પ્રેમમાં પડવું, આડા સંબંધો, વેર લેવામાં મરવું/મારી નાખવું પણ સામાન્ય છે. ટૂંકમાં ધર્મ ભલે જુદા હતા પણ રહનસહન, ટેવો-કુટેવો, રીત-રિવાજો

બાબતે આખા દેશની પ્રજા લગભગ સરખી હતી. લગભગ 1915-20 સુધી હિંદુ-મુસ્લિમ-શીખ તમામનાં છોકરા મદરેસામાં ભણતા, સૌને મૌલવી ભણાવતા, પંડિતોને પણ ફારસી આવડતી. દારુણ ગરીબી, ભયાનક શોષણ, અનેક પ્રકારની માંદગીઓ વચ્ચે આ સામૂહિક જીવન જ પ્રજાપ્રાણને ટકાવી રાખતું. પણ આઝાદી પછી ધીરે ધીરે આ સહજીવન-સમૂહજીવનને ઘસારો પહોંચ્યો છે એ વાતને ‘રાગ દરબારી’, ‘આધા ગાંવ’નો ઉત્તરાર્ધ અને ‘મહાભોજ’ ટેકો આપશે. હવે ગામડાંમાંથી કેટલું ખોવાયું એનો હિસાબ કરે એવા લેખકો પણ ક્યાં છે? ગ્રામજીવન, ગ્રામબોલી પર પક્કડ હોય એવા પન્નાલાલ પટેલ, તારાશંકર બંદોપાધ્યાય, ચુનીલાલ મડિયા, ફણીશ્વરનાથ રેણુ કે રાહી માસૂમ રઝા જેવા લેખકો પણ ક્યાં છે જે લોકસંસ્કૃતિ, ગ્રામબોલી, શબ્દભંડોળની સમૃદ્ધિ ગુમાવવાની પીડાની સાથે મૂલ્યહ્રાસની પીડાને આલેખી શકે !

મૂલ્યોનું જગત બદલવા તૈયાર જ ન હોય ત્યાં ‘ગોધૂલિ’ કે ‘સમયદ્વીપ’ જેવો સંઘર્ષ થવાનો. પણ બધે એવું નથી થયું. આશાપૂર્ણા દેવીની કથાત્રયીમાં જે ઘરોમાં બહાર પહેરેલાં કપડે રસોડામાં ન જતાં, ગંગાજળનો સ્પર્શ કરી, કપડાં બદલીને જ ઘરમાં પ્રવેશાતું ત્યાં હવે જમવાના ટેબલ આવી ગયાં છે, રાંધતી વેળાએ પગમાં ચંપલ પહેરવાની છૂટ છે. પહેલાં બાળકો સંયુક્ત કુટુંબમાં સમાઈ જતાં પણ ‘બકુલકથા’માં પારુલના દીકરો-વહુ છૂટાં પડ્યાં એનું પરિણામ એમનાં બાળકો ભોગવે છે. પારુલ વિચારે છે : ‘બધા યુગ માટે બલિ હોય છે. આ યુગની બલિ તમે બાળકો છો. અમારા અંધારિયા યુગમાં કુસંસ્કારો પર અમારી બલિ ચડાવાયેલી અને પ્રકાશના આ યુગમાં તમે સૌ સભ્યતાના નામે બલિ ચડો છો.’ (337) બદલાતા સમયની સાથે મૂલ્યો કેટલાં જલ્દી બદલાયાં? બકુલનો ભાઈ દીકરી પરણાવવાને બદલે એને નોકરી કરાવવા માગે છે. એ કહે છે : ‘ધારો કે હું એનાં લગ્ન કરાવી દઉં તો પણ એનાથી મને શો લાભ? એ મહારાણી સાસરે જઈને રાજ કરે અને મારી દશા બદથી બદતર થાય.’ (366) દીકરીની કમાણી ન ખવાય એવું માનતા ભારતીય સમાજમાં આ કેટલું મોટું પરિવર્તન !

આ બધી નવલકથાઓ ભારતીય પ્રજાની પ્રદેશભેદે/ભાષાભેદે ભારતીય હોવાની લાક્ષણિકતા પણ દર્શાવે છે. દા.ત. પ્રદેશ/ધર્મભેદે સ્ત્રીની નિયતિ આખા દેશમાં એકસરખી છે. ડગલે ને પગલે શારીરિક શોષણથી એણે ડરવું પડે છે. સ્ત્રી એટલે દેહ અને બીજું કશું નહીં એવું લગભગ બધે જ હતું અને છે. ‘છિન્નમસ્તા’ની પ્રિયા કહે છે : **‘मुझे नफरत है इस पुरुष जाति से । नफरत है उससे जो मासूम, छोटी, नादान लड़की को भी नहीं छोड़ता ।’** (102) ધારો કે લગ્ન સફળ ન થાય તો સ્ત્રી અપરાધભાવ અનુભવે છે, પુરુષ નહીં. દા.ત. ‘સ્વેચ્છા’, ‘બત્રીસ પુતળીની વાર્તા’. ‘છિન્નમસ્તા’, ‘જિંદગીનામા’, ‘આધા ગાંવ’, ‘ક્રોસરોડ’ આ તમામ નવલકથા કહે છે કે આખા દેશમાં

બધાને દીકરો જ જોઈએ છે. દીકરીની રાહ કોઈ નથી જોતું. 'મૈલા આંચલ'માં ડૉ. પ્રશાન્ત કૉલેરા થયો છે એ દીકરીને બાટલો ચડાવવાની તૈયારી કરે ત્યારે ગરીબ બાપ હાથ જોડીને કહે છે : 'हुजूर, लड़की की जात, बिना दवादारु के ही आराम हो जाती है ।' (156) સમાજની માનસિકતા કઈ હદે પિતૃસત્તાક ઢાંચામાં ઢળેલી છે? 'રાગ દરબારી'માં પ્રિન્સિપાલ વૈદ્યજીને કહે છે કે, 'ગયાદીનની દીકરી બેલા પરના પત્ર માટે તમારા દીકરા રુપ્પનનું નામ લેવાય છે. તમારા વંશવેલાને કલંકિત કરવાની એની આવી હિંમત?' વૈદ્યજી જરાય અકળાયા વગર શાંતિથી કહે છે : 'वह मेरे वंश को क्या खाकर कलंकित करेगा? कलंकित तो वह गयादीन के वंश को कर रहा है – कन्या तो उन्ही की है ।' (109) આ માનસિકતા આખા દેશમાં એકસરખી છે અને આજેય આમાં કશો ફરક નથી પડ્યો. દીકરીને ભણાવવાની કોઈને જરૂર નો'તી લાગતી. 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'ક્રોસરોડ' બધે આઠ વર્ષની દીકરીને પરણાવી દેવાઈ છે. ભાલચંદ્ર નેમાડેની 'હિંદુ'માં તો એક પાત્ર દ્વારા કહેવાયું છે કે 'દીકરી ભણીને શું કરવાની? છેલ્લે તો લગ્ન જ કરવાનાં છે ને? નાની ઉંમરમાં સંબંધ સારો મળી જાય છે.' (322) સ્ત્રી પરણીને સાસરે જાય એ સાથે જ એના માતા-પિતાએ હોંશથી પાડેલ નામ સાથે એનો, નાતો તૂટી જતો. એ 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા', 'જિંદગીનામા', 'પિંજર', 'આધા ગાંવ' કે 'That Long Silence' જેવી નવલકથાઓમાં જોઈ શકાય છે.

બદલાતો સમય ગામની દીવાલો પર બદલાતી જાહેરાતો દ્વારા પ્રગટ થતો રહ્યો છે. પહેલાં દીવાલો પર 'વધુ અનાજ વાવો'ની જાહેરાતો હતી, પછી ધાધરની આવી, પછી નપુંસકપણાની, પછી હરસની. મલેરિયા ઉન્મૂલનની જાહેરાત એ પ્રજા માટે અંગ્રેજીમાં લખાતી જેમને હિંદી વાંચતા નહોતી આવડતી. 'દેશ માટે પૈસા બચાવો' એ જાહેરાત લખનાર સરકારને એ વાતથી કોઈ ફરક નહોતો પડતો કે પૈસા બચાવવા માટે પૈસા કમાવા પડે. 'રાગ દરબારી'માં 'વૈદ્યજી હતા, છે અને રહેશે' દ્વારા કેટલું બધું કહેવાયું છે? ગાંધી ચબૂતરા પર જુગાર રમતી, ભૂદાન યજ્ઞની ઐસી કી તૈસી કરતી પ્રજા આવી જ હતી કે આઝાદી આવતાની સાથે એ બગડી ગઈ? અતિશય ધાર્મિક ગણાતી આપણી પ્રજાને પહેલેથી જ નૈતિકતા, પ્રમાણિકતા જેવાં મૂળભૂત મૂલ્યો સાથે કશી લેવાદેવા નહોતી? એવા પ્રશ્નો આ નવલકથાઓ ઊભા કરે. પ્રમાણિક માણસોએ કાં તો ખન્ના માસ્તરની જેમ નોકરી છોડવી પડે કાં એની હાલત બાવનદાસ, રંગનાથ, લોચનબાબુ અને બિંદા જેવી થાય. રુપ્પન કહે છે તેમ આખા દેશમાં શિવપાલગંજ ફેલાયેલું છે એટલે કરવાનું શું?

મેરીગંજ, ગંગૌલી, શિવપાલગંજ, સરોહા, કથાત્રયીના ગામ કે પંચ... આ બધાં ગામડાં સમગ્ર ભારતના ધૂળ ભરેલા આંચલને રજૂ કરે છે. એમાં અપાર વૈવિધ્ય પણ છે. આ વૈવિધ્ય આ

દેશની ઓળખ પણ છે અને તાકાત પણ છે. આ બધાં ગામોમાં મેલી વિદ્યા, છૂતાછૂત, ભૂતપ્રેત, દોરાધાગા, બાવાફકીર, શુકન-અપશુકન પ્રચલિત હતાં. માંદાં પડેલાં બાળકોને વૈદના કાઢા, ફકીરોની ધૂણી, ભગતનું ફૂંકવું, ડામ, જાતભાતના પ્રસાદ, ભભૂતિ, તાવીજ, દોરાથી સાજાં કરવાના પ્રયાસ થતા એવું ભાલચંદ્ર નેમાડેની 'હિંદુ' ઉપરાંતની કૃતિઓ પણ કહે છે. આવા ઊંટવૈદાને કારણે જ બાળમૃત્યુનો દર વધારે હતો. શિવરામ કારન્થની 'ધરતી ખોળે પાછો વળે'માં 1918માં સ્પેનિશ ફ્લૂની મહામારીની વાત છે. પ્રજાએ આ મહામારીનું કારણ આવું શોધેલું. 'સ્ત્રીઓએ કાચની બંગડીઓ પહેરી એટલે મહામારી આવી.' વીસમી સદીના પૂર્વાર્ધમાં પ્લેગ કેટલો વ્યાપક હતો એ આત્મકથાઓ ઉપરાંત નવલકથાઓ પણ કહે છે. પ્લેગથી થતાં મૃત્યુ, કરવા પડતાં સ્થળાંતરોની વાત ઇંતિઝાર હુસૈનની 'બસ્તી', આશાપૂર્ણા દેવીની 'સુવર્ણલતા'માં જોઈ શકાશે. કુટુંબનિયોજન વિશે તો બહુ મોડી સમજ આવી. આખા દેશમાં દીકરી, વહુ અને સાસુને સાથે સુવાવડ આવી હોય એની જરાય નવાઈ નહોતી. સુવાવડો માટેની અંધારી ઓરડીઓ અને ગંધાતા ગાભાઓના કારણે સ્ત્રીઓનું મૃત્યુપ્રમાણ આખા દેશમાં અતિશય વધારે હતું. બાળમૃત્યુનું પ્રમાણ પણ અતિશય વધારે હતું. 'ગોદાન'ની ધનિયા કહે છે : 'ત્રણેય સંતાનોના દવાદારૂ કરાવ્યા હોત તો એ જીવતા હોત.' (65) શીતળા, મેલેરિયા, પ્લેગ, કોલેરામાં આખા દેશમાં અસંખ્ય લોકો મરતા એવું આપણી મોટાભાગની નવલકથાઓ કહે છે. ગામડાંમાં ન તો દવાખાનાં હતાં, ન દાક્તર. દર્દી રોગના નિદાન વગર મરી જાય અને દોષ ચડે કોઈ નિર્દોષ સ્ત્રી પર. 'મૈલા આંચલ'માં ગણેશની નાનીને લોકો ડાકણ ગણીને મારી નાખે છે. ગરીબી, અજ્ઞાન, અંધવિશ્વાસ, કુરુઢિઓમાંથી આ પ્રજાને ન જમીનદારોએ ઉગારી, ન અંગ્રેજોએ. આઝાદી પછી આપણા રાજનૈતિક દળોએ પણ આ બાબતે ખાસ કશું કર્યું નથી. ઘણીવાર તો પોષણ કર્યું છે. કારણ સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય નેતાઓ-ભુવાઓ, જ્યોતિષીઓને, કર્મકાંડોને માને પછી પ્રજા પર કેવો પ્રભાવ પડે? હા, સેવાભાવી સંસ્થાઓએ, વિકસતા વિજ્ઞાને અને પ્રતિબદ્ધ વ્યક્તિઓએ પ્રજાકીય ક્ષેત્રે બહુ મોટું કામ કર્યું છે.

ભલે ડાક્ટરો નહોતા પણ અક્સીર નિદાન કરતા નાડીવૈદો આખા દેશમાં હતા. 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં સત્યના પિતા રામકાલી વરરાજાના કપાળ પરના પરસેવા પરથી એના આવનારા મૃત્યુને જાણી લે છે. ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાન્તિકે'માં હાદા ભટ્ટ બાદશાહની બેગમને જોયા વગર એની ઉધરસના અવાજ માત્રથી અધૂરા મહિને થનારી પ્રસૂતિ વિશે જાણી લે છે. 'હિંદુ'માં દેશપાંડે વૈદ નાડી જોઈને ટીબીની દવા કરે છે.(254) 'આરોગ્યનિકેતન'ના વૈદ પોતાના દીકરાના આવનારા મૃત્યુને આગોતરું જાણી લે છે. 'આધા ગાંવ'માં ગંગૌલી તથા આસપાસનાં ગામના લોકો હકીમજીની દવાથી જ સારા થતા હતા. આપણા દેશમાં વૈદ, હકીમ તથા દાયણોની વિદ્યાનો અદ્‌ભૂત વારસો હતો જે પછીના સમયમાં આપણે ખોઈ કાઢ્યો. એમ. મુકુન્દનની 'ઈશ્વર કી શરારતેં'માં, 'હિંદુ'માં,

'ક્રોસરોડ'માં કુંચિરુતા, હરખુ કે સમુબેન જેવી દાયણોની આખા ગામને જરૂર પડતી. બદલાતા સમય સાથે લોકોને હવે આયુર્વેદ પર નહીં પણ વિલાયતી દવાઓ પર જ શ્રદ્ધા રહી છે એટલે જ કુમારન વૈદનો દીકરો મેડિકલ કૉલેજમાં પ્રવેશ લે અને વૈદકની ખાનદાની પરંપરા તૂટી જાય.(ઈશ્વર કી શરારતેં) 'આધા ગાંવ'માં કમ્મો હોમિયોપથીનું ભણે પરિણામે હકીમજીની વર્ષોથી જામેલી પ્રૅક્ટિસ સાવ ઠપ્પ થઈ જાય. 'પ્રથમ પ્રતિશ્રુતિ'માં માંદા પતિ માટે સત્ય શહેરથી ડૉક્ટર બોલાવે એટલે આખા ગામમાં હાહાકાર મચી જાય છે. 'ઘરની વહુ પરપુરુષ સાથે વાત કરે? સમાજ શું એવો નખદાંત વગરનો થઈ ગયો છે?'(249) એનો અર્થ એ જ કે પર્દામાં રહેનારી સ્ત્રી આટલી હિંમત કરે એ ચલાવી લેવા સમાજ બિલકુલ તૈયાર નહોતો.

જો ભારત ગામડામાં વસે છે એ વાતને સાચી માનીએ તો અહીં તમામ ક્ષેત્રે જે શતમુખ વિનિપાત દેખાય છે, જે મૂલ્યહ્રાસ દેખાય છે તે ભલે કોઈ એક પ્રદેશની વાત હોય પણ એ દર્શાવે છે આખા દેશની અવદશા. 1973-'74માં છેક રઘુવીર ચૌધરીએ 'કથાત્રયી'ની પ્રસ્તાવનામાં લખેલું : 'માત્ર ડોકથી દાખલ થઈને પેલા તંબુમાં વધુ ને વધુ પેસતા ગયેલા ઊંટની જેમ રાજકારણ જીવનમાં દાખલ થઈ રહ્યું છે.' અત્યારે એવું કહેવાનું મન થાય છે કે તંબુમાં હવે એકલું ઊંટ જ છે. આપણું વ્યવસ્થાતંત્ર કઈ હદે સડી ગયું હતું તે 1954માં ફણીશ્વરનાથ રેણુ 'મૈલા આંચલ'માં બતાવે છે. 1968માં શ્રીલાલ શુક્લ અને પછી 1977માં મન્નૂ ભંડારી 'મહાભોજ' દ્વારા આ તંત્રનો શતમુખ વિનિપાત બતાવે છે. રઘુવીર ચૌધરીની નવલકથાઓ રાજકારણ, સમાજકારણ, ધર્મકારણ, શિક્ષણ દરેક ક્ષેત્રનો મૂલ્યહ્રાસ આલેખે છે. આ તમામ તંત્રો, ક્ષેત્રોમાં આપણા સમયે તો મૂલ્યો તળિયે જઈને બેઠાં છે. નજીકના ભવિષ્યમાં કંઈ સુધરે એવી કોઈ શક્યતા અત્યારે તો નથી દેખાતી. પણ આવાં ભ્રષ્ટ, સડેલાં તંત્ર સામે અવાજ ઉઠાવનારા, લડનારા પારકી છઠ્ઠીના જાગતલો બિસૂ ને બિંદા જેવા દરેક સમયે આવતા જ રહેવાના. મૂલ્યનિષ્ઠ માણસો હવે ઓછા થતા જાય છે એ વાત સાચી પણ આવા લોકો સાવ નથી એવું નથી, એ હિમાંશી શેલતની 'ભૂમિસૂક્ત' પણ કહેશે. છેલ્લાં 30-35 વર્ષોમાં આપણે જંગલો, પહાડો અને નદીઓની જે હાલત કરી છે એની પાછળ મૂડીવાદીઓ અને રાજકારણીઓની સાંઠગાંઠ જવાબદાર છે. કહેવાતા વિકાસ માટે લાખો લોકોને મૂળિયાંમાંથી ઉખાડી નાખ્યા, ફળદ્રુપ જમીનોનો ભોગ લીધો, અધિકાર માટેની વળતી લડત આપનારાઓને નક્સલવાદી કહી જેલમાં સડાવ્યા કે મારી નાખ્યા. આ બધી વાત હિમાંશી શેલતની 'ભૂમિસૂક્ત' અજંપ બનાવી દે એ રીતે કરે છે. સત્તાનો આતંક કેવો વરવો હોય એ આ કૃતિ કહે છે. પ્રેમ પણ જાત પૂછીને કરવો એવા કાયદા કાઢનારી સત્તા ધર્મનો માત્ર મત માટે ઉપયોગ કરતી થઈ ગઈ છે. પોલીસતંત્ર, ન્યાયતંત્ર અને મિડિયા તો સત્તાધીશના ઘૂંટણિયે

'મહાભોજ'માં પણ પડેલું જ હતું. બાકી રહેલું શિક્ષણનું જગત પણ હવે સત્તાધીશને ઘૂંટણિયે પડી ગયું છે એની વાત 'ભૂમિસૂક્ત' કરે છે.

આ બધી વાતો પરથી કોઈને કદાચ એમ લાગશે કે આઝાદી પછીના કાળખંડમાં મેં દરેક ક્ષેત્રે માત્ર મૂલ્યહ્રાસની જ વાત કરી, સમૂહજીવન-સહજીવન ખતમ થવાની વાત કરી. કોઈ પ્રશ્ન પૂછી શકે કે કશું સારું થયું જ નથી? માળખાકીય સગવડો, જ્ઞાન અને ઉદ્યોગક્ષેત્રે આપણે હરણફાળ ભરી છે, શિક્ષણ લેનારાની સંખ્યા વધી છે, ભાતીગળ વૈવિધ્ય ધરાવતો દેશ 75 વર્ષ પછી પણ લોકશાહી માળખું જાળવી શક્યો છે. આ બધી વાતો સાચી છે પણ બંધારણ સર્વોપરી હોવાની વાત કાગળ પર રહી ગઈ છે, સમાનતા, સહિષ્ણુતા, સદ્ભાવને આપણે પાછળ છોડી ચૂક્યા છીએ. સ્ત્રીની સલામતી બાબતે, દલિત કે લઘુમતિના અધિકાર બાબતે, એમના પ્રત્યેના વલણ બાબતે ખાસ કંઈ બદલાયું નથી. રાજકીય આંકડાઓ અને દાવાઓથી અલગ એક ભારત આપણે ત્યાં ગામડાંમાં અને શહેરોમાં વસે છે. એને સમજવાની કોઈ કોશિશ જ નથી કરતું અને રાજકારણીઓ માટે એનું મહત્ત્વ વોટબેંક જેટલું મર્યાદિત છે. આ વોટબેંકની રાજનીતિએ બદલાતા સમય સાથે વધુ ને વધુ વરવું રૂપ ધારણ કર્યું જેના પરિણામે આપણે સર્વક્ષેત્રીય મૂલ્યહ્રાસ બાજુ વળ્યા.

આ લેખમાં વપરાયેલ નવલકથાઓ


૧. હિન્દૂ : ભાલચંદ્ર નેમાડે, 2013

૨. ગણદેવતા : તારાશંકર બંદોપાધ્યાય, 1942

૩. મૈલા આંચલ : ફણિશ્વરનાથ રેણુ, 1954

૪. આરોગ્ય નિકેતન : તારાશંકર બંદોપાધ્યાય, 1953

૫. આધા ગાંવ : રાહી માસૂમ રઝા, 1966

૬. રાગ દરબારી : શ્રીલાલ શુક્લ, 1968

૭. આગ કા દરિયા : કુર્તલૈન હૈદર, 1959

૮. સુખા બરગદ : મંઝૂર એહતેશામ, 1986

૯. પ્રથમ પ્રતિશ્રુતિ : આશાપૂર્ણા દેવી, 1964

૧૦. સુવર્ણલતા : આશાપૂર્ણા દેવી, 1964

૧૧. બકુલકથા : આશાપૂર્ણા દેવી, 1974

૧૨. ઉપરવાસ : રઘુવીર ચૌધરી, 1967

૧૩. સહવાસ : રઘુવીર ચૌધરી, 1967

૧૪. અંતરવાસ : રઘુવીર ચૌધરી,

૧૫. લાગણી : : રઘુવીર ચૌધરી, 1976

૧૬. લાવણ્ય : : રઘુવીર ચૌધરી, 1989

૧૭. મનોરથ : રઘુવીર ચૌધરી, 1986

૧૮. કાચા સૂતરને તાંતણે : રઘુવીર ચૌધરી, 1995

૧૯. ગોદાન : પ્રેમચંદ, 1936

૨૦. એકલવ્ય : રઘુવીર ચૌધરી, 1967

૨૧. પંચપુરાણ : રઘુવીર ચૌધરી, 1981

૨૨. એક ડગ આગળ, બે ડગ પાછળ : રઘુવીર ચૌધરી , 2009

૨૩. મહાભોજ : મન્નૂ ભંડારી, 1979

૨૪. જિંદગીનામા : કૃષ્ણા સોબતી, 1979

૨૫. ગોધૂલિ : એસ. એલ. ભૈરપ્પા, 1968

૨૬. સમયદ્વીપ : ભગવતીકુમાર શર્મા, 1974

૨૭. ધરતી ખોળે પાછો વળે : શિવરામ કારંથ, 1979

૨૮. બત્રીસ પુતળીની વેદના : ઈલા આરબ મહેતા, 1982

૨૯. ક્રોસરોડ : વર્ષા અડાલજા, 2016

30. છિન્નમસ્તા : પ્રભા ખેતાન, 1993

૩૧. સ્વેચ્છા : વોલ્ગા, 1987

૩૨. હિંદુ : ભાલચંદ્ર નેમાડે, 2003

૩૩. પિંજર : અમૃતા પ્રીતમ, 1950

૩૪. ભૂમિસૂક્ત : હિમાંશી શેલત, 2024

૩૫. બસ્તી : ઇંતિઝાર હુસૈન, 1979